કીંમત ૭ આના.

શ્રી બાળકૃષ્ણ ઉત્તરગિતા

અને

લઘુ રામાયણ.

કર્તા

ત્રિકમલાલ હરિભાઇ ઠાકોર.

અમદાવાદ.

ગયું ભાન આવે નહિ કરતાં ઘણો પ્રયાસ;
ગીતા જ્ઞાન આપે ઘણું, જતાં ગુરૂની પાસ.

શ્રી બાળકૃષ્ણ ઉત્તરગિતા

અને

લઘુ રામાયણ.

યોજક,
ત્રિકમલાલ હરિભાઇ ઠાકોર.
સ્વસ્થાન લિંબડી હજુરકોર્ટના વકીલ
અને માજી થર્ડકલાસ માજીસ્ટ્રેટ.

પ્રકાશક,
ચીમનલાલ ત્રીકમલાલ ઠાકોર.
માસીરામની પોળ—અમદાવાદ.

સંવત ૧૯૬૬
સને ૧૯૧૦

કીંમત ૭ આના.

શ્રી ગુરૂપુષ્પાંજલી.

શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રીમજ્જગદ્‌ગુરૂ શ્રી મચ્છંકરાચાર્ય શ્રી ગોવર્ધન મઠાધીશ્વર જગન્નાથ તીર્થસ્વામિ.

શ્રી જગન્નાપુરી.

શ્રીમન્ મહાત્માશ્રી,

આપશ્રી યોગવિદ્યા, અધ્યાત્મજ્ઞાન અને શ્રૌત–સ્માર્ત ધર્મશાસ્ત્રાદિમાં નિપુણ છે, જેને લઇ આપની ખ્યાતિ જગન્નાથ આદિ બંગાલા, ગુજરાત, કચ્છ અને કાઠિયાવાડના ઘણા ભાગમાં પ્રસરેલી છે. આપે મારા ઉપર કૃપા કરી મારામાં યોગમાર્ગ અને અધ્યાત્મજ્ઞાનનું બીજ રોપેલું છે; એટલુંજ નહિ પરંતુ મારી ઉન્નતિ નિરંતર ઇચ્છો છો. ઇત્યાદિ આપના આભારને લઇ આપનું નામ, સ્મરણ થવા આ સાથે જોડી કૃતાર્થ થઉં છું.

હું. છું. આપનો ચરણરજ સેવક.

યોજક.

ત્રિકમલાલ હરિભાઈ ઠાકોર.

પ્રસિદ્ધ કરનાર.

ચિમનલાલ ત્રિકમલાલ ઠાકોર.

અર્પણ પત્રિકા.

શ્રીયુત મહેરબાન રા. સા. રામચંદ્ર ઇચ્છારામ
વ્યાસ. ભરૂચ માજી હજુર ડેપ્યુટી કલેકટર અને હાલ—
જામનગર રેવન્યુ કમીશનર સાહેબ, શ્રી જામનગર.
માનવંતા પ્રિયમિત્ર, આપશ્રી
પરમધાર્મિક,
નીતિનીપુણ, વિ-
દ્યાવિલાસી, રાજ્ય-
કાર્યમાં કુશળ, દયાળુ,
ઉદાર અને વિદ્વાનો પ્રત્યે
ભાવ રાખનારા છો, આપે આ-
પના આત્મબળ અને સ્વપરાક્રમ-
થી હજુર ડેપ્યુટી અને રેવન્યુ ક-
મીશનર જેવા મહાનપદને પામી રાજા
પ્રજાની એકસરખી પ્રીતિ સંપાદન કરેલી
છે. આપ મારા પ્રત્યે નિરંતર મિત્રભાવના
જારી રાખો છો; એટલુંજ નહિ પરંતુ મને અ-
નેક પ્રકારે સહાયતા આપવા તત્પર રહો છો,
ઇત્યાદિ, ઇત્યાદિ આપના મહત્ત્વ ગુણોથી આકર્ષાઇ
શ્રી બાળકૃષ્ણ ઉત્તર ગીતા અને લઘુ રામાયણ
આપને ઘણા માન અને પ્રેમપુર્વક અ-
ર્પણ કરી અત્યાનંદ
પામું છુ.

છું. છું. આપનો આજ્ઞાંકિત—
ત્રિકમલાલ હરીભાઇ ઠકોર.

પ્રસ્તાવના.

પરમ કૃપાળુ મંગળમય પ્રભુએ આ સૃષ્ટિની રચના કરી, ત્યારથી તે આજ સુધી તત્વજ્ઞાનના અનેક ગ્રંથો ગુંથાયેલા છે તેમાં **ગીતા** એ એક ઉત્તમ બોધદાયક છે તેમજ ચરિત્રગ્રંથોમાં **રામાયણ** એ પણ એક ઉત્તમ ગ્રંથ છે. આવા બોધદાયક ગ્રંથોથી મન જેવું પવિત્ર થાય છે, તેવું બીજાથી થતું નથી. આ બે ગ્રંથોનો ટુંક સાર કવિતામાં રચી બાળક, યુવા, વૃદ્ધ અને સ્ત્રીઓને પુરસદ વખતે અને નિવૃત્તિમાં બોધ લેવા વાંચવાને ઉપયોગી થઇ પડે એવો બનાવી છપાવી બહાર પાડવાનો વિચાર ઘણા વખતથી હતો, પરંતુ દૈવયોગથી મારો બાળપુત્ર **બાળકૃષ્ણ** જેનો જન્મ સંવત ૧૯૫૪ મા થયેલો હતો, તે ઘણોજ ઉત્તમ ગુણ વાળો નીકળશે એવાં કેટલાંક તેનાં ચિન્હો જણાતું હતું અને જેને માટે મારી આશા બાંધેલી તે સંવત ૧૯૬૨ માં આઠ વર્ષની નાની વયમાંજ કૈલાસવાસી થયો. તે પછી બીજો પુત્ર જેનું નામ **નટવરલાલ** હતું. જેનો જન્મ સંવત ૧૯૪૬ ની સાલમાં થયેલો. તે ઘણો વિવેકી, માયાળુ બુદ્ધિમાન, પ્રેમી અને શાણો હતો. તેણે ઘણીમહેનત કર સેકન્ડક્લાસમાં મીકેનીકલ ઇન્જીનિયરની પરિક્ષા પસાર કરી હતી. તે પણ વીશ વર્ષની નાની વયમાં સંવત ૧૯૬૬ ની સાલમાં કૈલાસવાસી થયો. જેને લીધે મારૂં મન ઉદાસ રહેવા લાગ્યું. તેથી જ્ઞાનના ગ્રંથો વાંચી દિવસ નિર્ગમન કરવા લાગ્યો.

આ પ્રસંગે સ્વાભાવિક રીતે ઉત્તર ગીતા વાંચતાં તેનો ટુંક સાર કવિતામાં સ્ફુરવા લાગ્યો અને તેથી મનની પણ શાંતિ થતી ગઇ. ઉત્તર ગીતાનો ટુંક સાર રચ્યો તે સાથે બાળકૃષ્ણનું નામ જોડાયેલું રહેવા માટે તેનું નામ **બાળકૃષ્ણ ઉત્તર ગીતા** રાખ્યું છે. અને નટવરલાલનું નામ રહેવા **લઘુ રામાયણ** પુસ્તક રચેલું છે.

આ પુસ્તકો કવિતામાં રચી લોકોને નિવૃત્તિને પ્રસંગે વાંચવાને ઉપયોગી થાય એવા હેતુથી રચેલાં છે. તેનો સૌ કોઇ લાભ લેશે તો હું મારો યત્ન સફળ થયો સમજીશ.

પુસ્તક રચવાનો, તેમાં પણ કવિતામાં રચવાનો આ મારો પ્રથમજ પ્રયાસ છે. તેમાં જે કાંઇ દોષ જોવામાં આવે, તે અમારા પ્રથમ પ્રયાસ તરફ જોઇ ક્ષમા કરશો અને મને કાંઇ સૂચના કરવા કૃપા કરશો તો બીજી આવૃત્તિ વખતે સુધારી લઇશ સજ્જનો હંસરૂપ બની દોષ તરફ નહિ જોતાં સાર ગ્રહણ કરશો એવો ભરૂસો છે. એજ. તા. ૧૭-૨-૧૦

તૈયાર થાય છે !

શ્રીમત્પરમહંસ પરિવ્રાજીકાચાર્ય શ્રીમદ જગદ્ગુરૂ શ્રીમચ્છંકરાચાર્ય શ્રીગોવર્ધનમઠાધીશ્વર શંકરશ્રી શંકર જગન્નાથતીર્થસ્વામી શ્રીમન મહાત્માશ્રીના જન્મચરિત્રનો પૂર્વાશ્રમ ભાગ થોડા વખતમાં હમારી તરફથી છપાઇ તૈયાર થશે જેમાં યોગ્યાભ્યાસનું દિગ્દર્શન તેમજ બીજા અનેક તત્વ જ્ઞાનના અભ્યાસના ચમત્કારીક હેવાલો તેમજ અનેક બોધદાયક દાખલાઓથી ભરપુર લગભગ ૨૦૦ પાનાનો ગ્રંથ થશે. છતાં તેની કીમત ૧-૮-૦ રાખવામાં આવી છે.

આ પુસ્તકમાં જાહેર ખબરો છપાવનારને ઉત્તમ તક છે માટે જાહેર ખબર આપનારાઓએ ભાવતાલ વિગેરે માટે નીચેને સરનામે પુછવું.

કર્તા.

ભીકમલાલ હરિભાઈ ઠાકોર.

સારંગપુર કાશીરામની પોળ.

અમદાવાદ.

શ્રી 'નટવર' પ્રીન્ટીંગ પ્રેસ—અમદાવાદ.

અનુક્રમણિકા.

પ્રકરણ ૧ લું.

પ્રકરણ ૨ જું.

લઘુ રામાયણ.

બાળકૃષ્ણ ઉત્તરગીતા.

પ્રકરણ ૧ લું.

૧—પ્રભુ સ્તુતિ.

દોહરો.

પ્રથમ નમું ગુરૂદેવને, પ્રેમે કરી પ્રણામ;
૧ઉત્તરગીતા ઊરથી, રચવા રાખું હામ. ૧

૧ ગીતાનું જ્ઞાન સ્થિર મનથી જે મેળવે તે પરમપદને પામે છે. પરંતુ ગીતાનું જ્ઞાન તે શું? પણ તેના અઢાર નામ છે તે હમેશા એકાગ્ર ચિત રાખી તેનું ચિંતવન કરે તો તે સર્વ પાપથી રહીત થઇ મોક્ષપદને પામે છે. એ ગીતાના નામ હું નિચે મુજબ બતાવું છું. ૧ ગીતા, ૨ ગંગા, ૩ ગાયત્રી, ૪ સીતા, ૫ સત્યા, ૬ સરસ્વતિ, ૭ બ્રહ્મવિદ્યા, ૮ બ્રહ્મવલી, ૯ ત્રિસંધ્યા, ૧૦ મુક્તગેહની, ૧૧ અર્ધમાત્રા, ૧૨ ચિદાનંદા, ૧૩ ભવદની, ૧૪ ભયનાશિની, ૧૫ વેદત્રથી, ૧૬ પરા, ૧૭ અનેતા, ૧૮ તત્વાર્થ જ્ઞાનમંજરી છે એ મોક્ષ આપનાર તેના ગુણ અર્થ સમજનારને થઈ પડે છે. એટલે તે સમજવાથી જ્ઞાન મળી પરબ્રહ્મ પ્રાપ્તિને મેળવે છે.

કરવાને ઉદ્ધાર આ, મનુષ્ય કેરો દેહ;
સાધનનો સંગ્રહ કરૂં, ત્રીકમ જાણો તેહ. ૨

૨—પદ લાવણી.

(જે કોઈ પ્રેમ અંશઅવતરે, પ્રેમરસ તેના દીલમાં ઠરે—એ રાગ)

જે કોઇ ઊત્તર ગીતા સુણે, તેના સર્વે કર્મો ટળે—(ટેક)
આ [1]તનકેરી રચના એવી, મનુષ્ય નવ ખોળે કળે;
પશુ પક્ષિયો પાર ન પામે, બહાદુર ન પહોંચે બળે. જેકોઈ૦ ૧
સ્વાસે [2]નાડી ચાલે સદાયે, [3]ખટચક્રને ખોલે;

---

૧ આ તન કેરી રચના—સ્થુળ, સુક્ષ્મ અને કારણ એ ત્રણ પ્રકારના શરીર છે. તે ત્રણ શરીર પાંચ કોશનું છે. કારણ શરીરને આનંદમય કોશ કહે છે. વિજ્ઞાનમય—મનોમય અને પ્રાણમય કોશ એ ત્રણે કોશનું સુક્ષ્મ શરીર છે. પાંચ જ્ઞાનેંદ્રિ, નિશ્ચયાત્મક અંતઃકરણની વૃત્તિ અને બુદ્ધિ તે વિજ્ઞાનમય કોશ છે. પંચજ્ઞાનેંદ્રિ અને સંકલ્પ વિકલ્પ અંતઃકરણની વૃતિ તે મનોમય કોશ પંચ પ્રાણ અને પંચકર્મેંદ્રિ એ પ્રાણમય કોશ છે એ ત્રણ કોશનું સુક્ષ્મ શરીર છે. અને સ્થુળ શરીરને અન્નમય કોશ કહે છે. એ પ્રકારે તરવારના મ્યાનમાં તરવાર હોય તેમ પાંચ કોશમાં એને ત્રણે શરીર થઇને તે ત્રણ શરીર સ્થુળ શરીરમાં અનુક્રમે રહેલા છે, એ જાણવું. ૨ નાડી—નાડી ત્રણ છે. ઈંગલા, પિંગલા અને શષુમણા—તો શષુમણા. ૨ નાભી નીચે કંદનામ સ્થાનની ઉપર છે. તે સ્થાનથી શષુમણા નીકળી મેરૂ દંડમાં થઈ કંઠ પ્રદેશ આગળ આવે છે. ત્યાંથી બે સાખા થઇ આગળ અને પાછળ વહે છે. તે બંને જુદે જુદે સ્તે[illegible]ાન્ડમાં [illegible]છે ૩ ખટચક્ર—૧ આધારચક્ર, ૨ સ્વાધિષ્ટાનચક્ર, ૩ કુંડલિનચક્ર,

ઉદયમિને આવે ઊરે, બાકીના શું બોલે. જે કોઇ૦ ૨
કોઇ કરે ઉધમો કારમાં, જુક્તિયે *પ્રકાશ જોવા;
વિના યોગે ચઢે ન વેને, દગે ન દે ગૌ દોવા. જે કોઇ૦ ૩
સદૈવ યોગ સાધન સુધારી, વદો શુદ્ધ વેદ વાણી;
જેણે રચના દેહની જાણી, તર્યો ત્રિકમ તે પ્રાણી. જે કોઇ૦ ૪

૪ મણિપુરચક્ર, ૫ મનચક્ર, ૬ અનાહતચક્ર, ૭ વિશુદ્ધચક્ર, ૮ આજ્ઞાચક્ર, ભ્રમરગુહાચક્ર, ૧૦ અજરામરચક્ર જે મોટા અક્ષરેથી છાપ્યાં છે તે શિવાયના ખટચક્ર કહેવાય છે. બાકી ક્રમ ચાલતા ચક્ર છે. સાતમું ચક્ર અજરામર છે તે ચક્રનહિં પરંતુઇશ્વર પ્રાપ્તિનું એક સ્થાન છે. તે ભેદી યોગીલોકમુકતી પામે છે આ ચક્રોમાં જે દેવલીપીના અક્ષર છે તે અનુક્રમે ધ્યાની યોગીના જોવામાં આવે છે જેથી દેવલીપી કહેવાય છે. તે લિપિ પ્રથમ મહા યોગવિદ્યા જાણનાર સરસ્વતિદેવએ ઉપયોગમાં લઇ પ્રજામાં પ્રસિદ્ધ કર્યાથી આજ પણ સરસ્વતિદેવિનું પુજન કરવામાં આવે છે. તે બ્રહ્માની દિકરી હતી. તે પહેલા જે બોલતા તે લખતા નહિ પણ વેદમુખ પાઠે રાખતા હતા.

* પ્રકાશ—આ સ્થળે ખટચક્રનું ભેદન થતાં સ્વસ્વરૂપ ઇશ્વરનો પ્રકાશ દેખાય છે.

૩–ઊત્તર ગીતા પ્રારંભ.

અરજુન શ્રીકૃષ્ણચંદ્ર પ્રત્યે કહે છે.

દોહરો.

કૌરવ કુરૂક્ષેત્રે લઢયા, પાંડવ સંગે પુર;
જય પામ્યા તે જગતમાં, સદગુણી બની સુર ૧
વર્ણવી ગીતા વિવેકથી, આપે સૈનની માંય;
અચળ થયો હું એ થકી, થતા મોક્ષમાં સાય. ૨
બળ જોઇ કૌરવ બંધુનું, પામ્યો પોતે ત્રાસ;
બોધ લેતા બળી બન્યો, જ્ઞાનના ગળી ગ્રાસ. ૩
યુદ્ધ જીતિ કુરૂક્ષેત્રનું, પાંડવ પામ્યા રાજ;
એ ખટપટમાં આ બધું, ભુલ્યો હું મહારાજ. ૪
ગિતા જ્ઞાન આપો ફરી, કૃપાથી કરો આજ,
શંકા કાઢો સામટી, તારણતર્ણુ છો તાજ. ૫
જ્ઞાન પ્રાપ્તિ કરો ગુરૂ, થાશે મુકત મનુષ્ય;
આત્મતત્વ ઉપદેશથી, ખસુસ બનશુ ખુશ. ૬
સ્વ સ્વરુપ કેમ સધાય છે, લક્ષણુ કેવા લખાય;
જીવનમુકત બને જનો, સુંણાવી કરો સાય. ૭
જ્ઞાન ગીતા તણું ઘણું, વર્ણવે છે શુદ્ધ વેદ;
ત્રિકમ તનથી તાકીને, ભાગો ભ્રમણા ભેદ. ૮

૪–સ્વજાતિ ભેદ અને નિરાકાર વિષે.

ગરબી.

(ઓ અંબેમા ડુંગરીઆમાં વશિયાં જાયગા જોઇને-એ રાગ)

સ્વજાતિ ભેદ રહિત નિરંજન, સર્વે પ્રાણીયો જાણે છે.
અકળલિલા પ્રેમીજનો સઉ, અંગેરંગે આણે છે. (ટેક)
આકાશ વાયુ અગ્નિ વિશે, જળ પૃથ્વિની જુક્તિ વીશે;
કેમ વ્હેચાયા પાંચ ભુત હીશે. સ્વજાતી. ૧
ગુણ પાંચ હવે તેના ગાઓ, શબ્દ સ્પર્ષ રૂપ રસ ગંધે જાઓ;
સ્થિરતાથી સરવે એકમેક થાઓ. સ્વજાતિ૦ ૨
શ્રોત્ર ત્વચા ચક્ષુ લો જાણી, જીભ્યા નાસિકા યુકત છે વાણી;
એના ભેદ તણી કોણ કહે કહાણી. સ્વજાતિ૦ ૩
પાંચ વાયુ ઉપસ્થ છે પ્રેમથી, પ્રકૃતિ મન કેરા એ વેમથી:
રમણ્ય બુદ્ધિ જુવે તે તો રેમથી. સ્વજાતિ૦ ૪
અહંકારે દિધી છે આંટી, ચોવીસ તત્વે બતાવી [1]જીવખ્યાતિ;
તેમાં નથી નિરંજનની ઘાટી. સ્વજાતિ૦ ૫

---

૧ જીવખ્યાતી—જીવ એ ૨૪-૧૯ અને ૧૭ તત્વનો બન્યો છે.

પ્રથમ પાંચ ભુત, પાંચ કર્મેંદ્રી, પાંચ જ્ઞાનેંદ્રી, પાંચ પ્રાણ અને મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર (અંતઃકરણ) એમ ચોવીસ તત્વનો જીવ બનેલો છે.

બીજું-પાંચ કર્મેંદ્રી, પાંચ જ્ઞાનેંદ્રી, પાંચ પ્રાણ, મન, બુદ્ધિ,

મનવાણી ન પહોંચે તાંહી, નિરાકાર કૈવલ્ય સ્વરૂપ સાહી;
એ બતાવો જ્ઞાન ત્રિકમ આંહી. સ્વજાતિ૦ ૬

૫—[1]નિરાકાર સ્વરૂપ.

દોહરો.

ઉત્પતિ લય જેનો નથી, નથી આવને જાવ;
સદા સર્વદા સ્થીત જે, ભલો બતાવે ભાવ. ૧
કૈવલ્ય મુક્તિ સ્વરૂપમાં, માયારહિત છે શાન્ત;
મનવાણિથી અલગ જે, તેની ભાગો ભ્રાંત. ૨

ચિત્ત અને અહંકાર એમ ઓગણીસ તત્વનો જીવ બનેલો છે.

ત્રીજું-પાંચ કર્મેંદ્રી, પાંચ જ્ઞાનેંદ્રી અને પાંચ પ્રાણ તથા મન અને બુદ્ધિ મળી સતર તત્વનો દેહ જીવ બનેલો છે.

હવે તે જીવની ખ્યાતી એટલે જીવસ્વરૂપ બતાવું છું—રજોગુણ તમોગુણથી પોતે દબાએલો તે મળો ૧ સત્વગુણને "મળો ૧ સત્વગુણ" સહીત અજ્ઞાનના અંશમાં જે ચેતનનો આભાસ અને અજ્ઞાન અને તેનું અધીષ્ટાન કુટસ્ટ એ ત્રણે મળેથી જીવ કહીએ છીએ એ જીવ કર્મને અનુસાર ઊંચ નિચ ભોગ નિમિત ઈશ્વર સૃષ્ટિ રચે છે. માટે ઇશ્વરમાં વિષમદ્રષ્ટિ અનેક રચનાથી સંસાર અનાદી કહેવાય છે.

[1] નિરાકાર કે નિર્ગુણ—એક, જ્યોતિર્મય, શુદ્ધ, આકાશ પેઠે વ્યાપક—દ્રઢ, અચળ, નિત્ય, આદિ ધ્યાનને અંતથી રહિત, સ્થુળ, સુક્ષ્મ, અનાકાશ, અસવર્ણ અરૂપ, અરસ, અગંધ, અપ્રમેય, અનામય, આનંદસ્વરૂપ, અજર, ત્રિકાળ, બાધ્ય, સત્ અસત્ય, સ્વપર

અત્યંત નિર્મલ રૂપ તે, વસ્તુ ભેદે જણાય;
પ્રકાશ આપે પ્રેમથી, ગુણમાં કેવો ગણાય. ૩
જગત ઉત્પતિ કારણે, ઉપાદાન સ્વરૂપ;
જણાવો સ્વામિ તેમને, ખ્યાતી તેની અનુપ. ૪
પંચ મહાભૂત સંગથી, થાય [1]દેહનું જ્ઞાન;
તમ ત્રિકમ કેમ ટળી, સાથી આવે ભાન. ૫

૬—ગીતા જ્ઞાન વિષે.

ગુણિ ગીતા ગાયરે, જ્ઞાનિને આપે ગતિ;
સાહ્ય સુખમાં કરેરે, જીવની વધે મતિ. ગુણી ગીતા૦ ૧.
[2]એકતા એવી કરેથીરે, તરંગો આવે તેવા;
ઠીક ગતિ ઠરેથીરે, સદા કરે મોટા શેવા. ગુણી ગીતા૦ ૨

સર્વ જગતનું કારણ સર્વનું અધિષ્ઠાન, જાતરૂપ, અમુર્ત, અજન્મા, અવિકારી, અજ્ઞાની જનોને અદ્રશ્ય. જ્ઞાનીજનોને દ્રસ્ય, સર્વની અંદર ને બહાર સ્થીત, સર્વ ભણી સુખયુક્ત, સર્વના દ્રષ્ટી, સર્વ ભણી પગયુકત, સર્વ ભણી ત્વચાયુકત, સર્વ ભણી કરયુકત, એને નિરગુણ નિરાકાર કહે છે. અને એવું જે તે જ્ઞાન થાય તેને નિર્ગુણ બ્રહ્મધ્યાન પણ કહે છે. યોગ. ૩૦૬

૧ દેહ—પંચમહાભુતના સંયોગથી પરીણામને પામેલી સુક્ષ્મ તનમાત્રા તેથી ક્રમે કરી જગત ઉત્પન્ન થયું છે. તે સંયોગથી પ્રાણીના શરીર ચાર છે. ૧ જરાયુજ. ૨ અંડજ. ૩ સ્વેદજ અને ૪ ઉદ્ભિજના ભેદે ચાર શરીર છે.

૨ એકતા—નાસિકાના અગ્ર ભાગ દિક દેશોમાં લગાડયા વિના

ગુરૂ રચના ગુણીરે, સરસ એકતાએ સદા;
ભણી ભેદથી સુણીરે, કદિ ન ખેદ કરે કદા. ગુણી ગીતા૦ ૩
હોંશે ભજે હરિરે, ભવિષ્યે મળે ભાવી;
કુડા કર્મથી તરીરે, ચતુર નર બોલે ચાવી. ગુણી ગીતા૦ ૪
શુદ્ધ એકતા સાધનરે, સ્વતંત્રતા આપે સહી;
તરવું ત્રિકમ હાથેરે, ગીતા જ્ઞાન અંતર ગ્રહી. ગુણી૦ ૫

૭—[1]અખંડાનંદને કોણ પહોચે તે વિષે.

દોહરો.

મનવાણી પહોચે નહી, ચિત્વન ન આવે ચિંત્ત;
એ વિષય નથી આપણો, કહે શ્રુતિ ખચિંત. ૧

---

૪૮ જેની દૃષ્ટિ સ્થિર છે, રેચકાદિ પ્રાણાયમના અભ્યાસ વિનાજ જેના પ્રાણવાયુનો નિરોધ છે અને ષટચક્રાદિના અવલંબન વિનાજ જેનું ચિત એકાગ્રહ છે, તેનું નામ એકાગ્રહતા છે. તે એકાગ્રહવાળાજ યોગી જાણવા. યોગ. ૯૪

૧ અખંડાનંદને કોણ પહોચે—નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત થયેલો યોગા પરમાનંદનો અનુભવ કહે છે. યોગ. ૩૧૮

જો તાંહાં આનંદનો અનુભવ ન માનીએ તો સમાધિથી વ્યુત્થિત થયેલા યોગીને તે આનંદની સ્મૃતિ ન થવી જોઇએ. કેમકે સ્મૃતિ અનુભવેલાની થાય છે. માટે અનુભવ વડે જાણીએ છીએ કે તે કાળે યોગીને પરમાનંદનો અનુભવ થાય છે. આવા યોગીની સમસ્ત વાસનારૂપ ગ્રંથિઓનું ભેદન થાય છે, સર્વ સુભાસુભ કર્મોના સંસ્કારનો વિનાશ થાય છે અને અંતઃકરણ અત્યંત સ્વચ્છ થવાથી બિના યાને આત્મસ્વરૂપનું અંતર બહાર સ્ફુરણ થાય છે.

ઉત્પતિ લય જેને નહી, નહી આવને જાવ;
સદા સર્વદા સ્થીર એ, ભલો બતાવે ભાવ. ૨
કૈવલ્ય મુક્તિ સ્વરૂપ જે, શાન્તિ શુદ્ધ સદાય;
અત્યન્ત નિર્મળ આપ જે, સૌને આપે સાય. ૩
વસ્તુભેદ સંબંધ રહિત, હોયે છતાં પણ પર;
નિમિત ઉપાદાનથી, રૂપ એનું મન ધર. ૪
નિત્યત્વ હેતુરૂપ એ, જગત ઉત્પતિ હેતુમય,
સ્વતિરિકત સદાય જે, જરૂર જેનો જય. ૫
સાધ્ય વિના તે સર્વદા, નિયમો રાખે નોક;
હૃદય સ્થાનમાં તે વસે, તેવા જ્ઞાની કોક. ૬
જ્ઞાન પ્રકાશિત જ્ઞેય ને, વિષય સબંધ પ્રમાણ;
પરિક્ષા કરાવને પ્રભુ, વધે બળ ત્રિકમ પ્રાણ. ૭

૮—શ્રી કૃષ્ણપરમાત્મા કહે છે.

છપ્પો.

આતુર તું છે આજ, વિમળ વાણીને માટે;
કરૂણાથી કરૂં કાજ, જ્ઞાન દેવાશે ઘાટે.
શુદ્ધ પ્રશ્ન છે શાંન્ત, ઉલટથી દિલમાં આણી;
વર્ણવિષ વેદિક વાત, જેણે જન્મી નવ જાણી.
અમુલ્ય [1]આત્મતત્વ દિલ આણવાં, પ્રેરક થાતું પ્રેમથી;
ત્રિકમ તર્કને ટાળીને, વેગળો રહેજે વેમથી. ૧

---

૧ આત્મતત્ત—સંસારના દુઃખોથી રહિત, એટલે અજ્ઞાનરહીત થઈ હવે કાંઇ કર્તવ્ય કરવાનું નથી, જે પામવાનું છે તે મને મળ્યું છે. હવે મારે કાંઇ જોઇતુ નથી એવી જે ઉરમીઓ ચોતઃકથી સ્ફુરે છે. એજ જ્ઞાન ઉતમ છે. તે પરમાત્માની એકતાના અનુભવરૂપ તત્વજ્ઞાન તે સર્વોતમ છે. તેનેજ આત્મતત્વ જાણવું.

૯—પ્રણવ વિશે.

ગરબી.

(મારૂં સોનાનું છે બેડું રે, છેલ છબીલા છોગાળા—એ રાગ)

જીવની અવધિ છે એવી રે, હંસ તત્વમાં રહે રમી;
પરબ્રહ્મ સ્વરૂપના જેવી રે, ગુણીજનને તે મન ગમી. ૧
હંસ બ્રહ્મ દિસે છે એવો રે, *પ્રણવ જીવના સંગ મળી;
સાક્ષિ ભૂતના જેવો રે, સાધન કાળે જાય ગળી. ૨

---

* પ્રણવ—વિષયોનું ધ્યાન કરનાર પુરૂષોને વિષયોમાં આશક્તિ ઉપજે છે. આશક્તિથી કામના ઉત્પન્ન થાય છે, અને કામનાથી ક્રોધ ઉત્પન્ન થાય છે. પણ નિર્વિકલ્પ સમાધીથી મનોરાજ્ય જીતવાને શકય છે. તે નિર્વિકલ્પ સમાધી પણ સવિકલ્પ સમાધીવડે ક્રમથી અનાયાસે મેળવી શકાય એમ છે. જેણે બ્રહ્મતત્વને જાણ્યું છે; તેની બુદ્ધી દોષસૂન્ય છે, ને જે એકાંત વાસમાં રહેનાર છે, એવા પુરૂષે ૐકારને લાંબા ઉચ્ચારે કરી બોલવાથી સંકલ્પરૂપ વૃત્તિઓ જીતાય છે. કામ ક્રોધ તજી પ્રણવનો છ અથવા બાર માત્રાના કાળ સુધી ઉચ્ચાર કરવાથી કેવળ પ્રણવજ આવતા જવાથી મનોરાજ્ય જીતાય છે. આ પ્રણવ પોતાના ઢિચણ ઉપર હાથ ફેરવે ત્યાંહાં સુધી લાંબા સાદે બોલવો જોઇએ પ્રણવ જપ જુદી જુદી રીતે થાય છે પરંતુ ગુરૂ મુખથી બોધ થાય તો વધારે જ્ઞાન મળે છે.

મુસલમાન લોકો "જરબ" મારવી એમ કહે છે.

ૐકાર એજ પ્રણવ છે. ૐકારની ત્રણ માત્રા છે. અકાર—ઉકાર અને મકાર છે.

અક્ષર અલૌકીક મહુનરે, બળથી ભેદે તે બોધી;
જ્ઞાન વિવેક લેવા ગહુનરે, યોગી પુરૂષ લે સોધી. ૩

પ્રેમ પદાર્થ પુર્ણ પામેરે, ભૌતિકમાં નવ જાય ભમી;
કર્મ કાન્ડમાં લાગે કામેરે, સિદ્ધ ખસે નવ દેહ દમી. ૪

બંધન છુટે તે બળથીરે, અજન્મા બને જપ કરી;
મોક્ષ મળે ત્રિકમ કૃળેથીરે, ધર્ણિમાં ઉપન્ને નહી ફરી. ૫

અકાર વિશ્વ અને વૈરાટ એ ત્રણે માત્રા એક છે. અભેદ છે.
તૈજસ, હિરણ્ય ગર્ભ અને ઊકાર માત્રા છે એ અભેદ છે.
પ્રાજ્ઞ-ઇશ્વર અને મકાર એ માત્રા છે તે અભેદ છે.

પ્રાજ્ઞ ઘન, જાગ્રત અને સ્વપ્નના જેટલાં તેજ્ઞાન છે તે સૂષુપ્તિ વિષે ઘન એટલે એક અવિદ્યા રૂપ થઇ જાય છે. તેથી પ્રાજ્ઞ ઘન કહે છે. અને આનંદસુક્ત પણ એ પ્રાજ્ઞ ને શ્રુતિમાં કહ્યો છે. ચેતનના પ્રતિબીંબ સહીત જે અવિદ્યાની વૃત્તિ છે, તે અધ્યાત્મ છે. અજ્ઞાનથા વિંટાએલ વૃત્તિને સ્વરૂપાનંદ તે અધિભુત છે, અને ઇશ્વર અધિદૈવ છે, એ રીતે ઇશ્વર તો બાર પ્રાજ્ઞન છે. તેજસ અંતર (પ્રાજ્ઞ) છે, અને પ્રાજ્ઞ પ્રાજ્ઞઘન છે. વિશ્વની સ્થુલ, સુક્ષ્મ, અને અજ્ઞાન (કારણ) એ ત્રણ ઉપાધી છે, અને પ્રાજ્ઞની એક અજ્ઞાન ઉપાધી છે. એ રીતે ઉપાધીની ન્યુનતા અધીકતાથી ત્રણને ભેદે છે. પરમાર્થકરને સ્વ સ્વરૂપ ભેદ છે.

અર્ધમાત્રા તુર્ય ઇશ્વર સાક્ષી-એ શુદ્ધ બ્રહ્મ છે. એજ પ્રણવ સ્વરૂપ છે એ યોગી પુરૂષો માને છે.

૧૦—[1]જીવ બ્રહ્મરૂપ વિશે.

ગરબી.

(સાંભળ વચન મારૂં, કૃષ્ણ કહે કામની જો એ રાગ)

પાર્થવ સાંભળ કહું છું વાત હું પ્રેમથી જો;
વિરક્ત થા હવે તું ભ્રાંતિ કેરા વ્હેમથી જો. પાર્થવ૦ ૧

ભેદિ ભણોજ પ્રણવ રૂડા ભાવથી જો;
દિલ જમાવો હંસમાં સૌ દાવથી જો. પાર્થવ૦ ૨

પરમાત્મક પ્રણવ રૂપ જાણો પ્રેમથી જો;
અમુલ્ય મંત્ર જાણો પ્રણવના નેમથી જો. પાર્થવ૦ ૩

પ્રણવ મંત્ર જણાવે પ્રતિ પાદ્યના જો;
પ્રતિપાદ્યક છે હેતુ ભાવ આદ્યના જો. પાર્થવ૦ ૪

આત્મતત્વને વિચારો આજ અંગથી જો;
યોગ્ય યોગીઓ સાધે સરસ રંગથી જો. પાર્થવ૦ ૫

૧ જીવ અને બ્રહ્મરૂપ વિષે—બ્રહ્મમાં જીવ અને ચેતન એવા બે ચેતન છે. જડ કલ્પાયેલ નથી, પણ એથી બ્રહ્મ જુદો છે એમ કહેવું પડશે. બે ભેદ છે. તે વાસ્તવ-પરમાર્થપણે નથી. ફકત ઉપાધીને લીધે છે. પરમાર્થીક સત્ય વસ્તુ તો અનંત અને અજ્ઞાનરૂપે એકજ છે. જ્યારે જીવ અને ઇશ્વર ઉપાધીથી કલ્પાયેલા છે. ત્યારે બ્રહ્મ તથા જુદો નથી.

[1]ખટરિપુનો પરાજય કરી ખરો જો;
[2]તત્વમસિ ભાન લાવવા થકી તરો જો. પાર્થેવ૦ ૬
મહા વાક્ય ઇંદ્રિ સ્થિર કરો મોજથી જો;
સુન્ય વૃતિ થાય હમેશ રૂડા સોજથી જો. પાર્થેવ૦ ૭

---

૧ ખટરીપુ—કામ, ક્રોધ, મોહ, મછર, અહંકાર અને ઇરિશા.

૨ તત્વમસિ—આ મહા વાકયમાં પ્રથમ "તત્" પદનો અર્થ બતાવું છું. આ જગત આગળ એકજ અદ્વિતિય રૂપ સતજ હતું. આ શ્રુતિ સૃષ્ટિની પુર્વે સ્વગતાદિ ભેદ સુન્ય અને નામરૂપ વગરનું એક સત્ રૂપ બ્રહ્મ હતું તેને પ્રતિપાદન્ કહે છે. સૃષ્ટિના ઉત્તર કાળમાં પણ વિચારદૃષ્ટિથી જોતાંઆ સહ વસ્તુનું જેવાપણુંજ સીદ્ધ છે અને સ્મૃતિ ભગવતિ "તત્" શબ્દમાં લક્ષણવડે જણાવે છે.

શ્રવણાદિના અનુષ્ઠાનવડે મહા વાકયોનાઅર્થનો નિશ્ચય કરનાર શ્રોતાના શરીર અને ઇંદ્રિયોથી અર્થાત સ્થુલ, સૂક્ષ્મ, અને કારણ શરીરથી આત્મા જુદો અને તે ત્રણે શરીરના રૂપે છે. તેઓથી વિલક્ષણ સદવસ્તુ છે. આ આત્મારૂપ સદવસ્તુને "તત્વમસિ" એ મહા વાક્યમાંના "ત્વંતુ" એ શબ્દવડે લક્ષણાથી જાણે છે. "મતલબ કે" ત્વં એ શબ્દ દેહ અને ઇંદ્રિયો નહી, પણ તેના ચેતન રૂપ આત્માને ભાગત્યાગ લક્ષણાંવડે સમજાયો છે; અને આ વાકયમાં રહેલો "અસી" છુ; એ શબ્દવડે "તત્" અને "ત્વં" એ બંને શબ્દના સામાનાધિકરણ્યથી તેમના અર્થ જણાવનાર બ્રહ્મ અને આત્માની એકતાની પ્રતિતી કરાવેલી છે. જો આમ સિદ્ધ થાય,તો પછી મુમુક્ષુ પુરૂષને જીવ–બ્રહ્મની એકતાનો અનુભવ કરાવો.

÷અવિદ્યાનાશક વૃત્તિ તે દિસે આણજો જો;
મહાવાક્ય મનથી મોજે માણજો જો. પાર્થિવ૦ ૮
હમેશ ત્રિકમ જુવો પરબ્રહ્મ તાકીને જો;
ચિત ટાળી રાખો હવે નથી બાકીને જો. પાર્થિવ૦ ૯

૧૧–ગજલ.

પરબ્રહ્મ જીવને પેખો, સ્વસ્વરૂપમય છે સ્વામિ;
દિલમાં જ્ઞાનથી દેખો, હૃદયમાં ખુશીથી રમે. ૧
"હંસ" "બ્રહ્મ" કહોને હેતે, પ્રાણવથી એકત્ર પેરે;
ચતુર "જીવ" રૂપે તે ચેતે, જરૂર મનમાં તે જાણો. ૨
શાક્ષિ ભૂત બની સીધા, જેને "અક્ષર" સૌ કહે;
લપટમાં જીવને લીધો, ખુદ માયામાં ખુચાવી. ૩
ત્રિવેધિ તાપમાં તપી, દેહને દુખડામાં દમી;
જણાય "અક્ષર" તે જપી, કુંદન બનતા નહી કરી. ૪
"અક્ષર" જાણે છે યતિ, ગુણીજન ગયા છે ગળી;
પરમધામિ ત્રિકમ પતિ, મોક્ષમાં જાયે તેહ મળી. ૫

૧૨–સંસારના સુખ દુઃખ વિષે.

લાવણી.

સદા મુક્ત સંસાર, નિર્મળ હોય જે નામી;
ગર્વ તજી ગુણવાન, હરિની લેશે હામી. સદા૦ ૧

÷ અવિદ્યા—આ સંસાર વાસ્તવરૂપે અને સ્વાત્મ વસ્તુમાં જોડાએલા તેના ધર્મરૂપે છે. એ પ્રકારની ભ્રાંતિ તે અવિદ્યા છે. આ અવિદ્યા વિદ્યા વડે નિવૃત થાય છે.

શબ્દ "क" સુખરૂપ, હરદમ જુવોને હેતે;
"अ" દુખરૂપ અતુલ્ય, જગતમાં જુવો જેતે. સદા૦ ૨
બનેનો છે સંબંધ, काक्का કહિયે કોપી;
બીજું નામ જીવ બોધ, આપે નામ આરોપી. સદા૦ ૩
"काकी" શબ્દમાં કોય, પ્રથમ ककार છે ધીરે;
અનંત આકાર અણાય, વેદ વાણી ખરી શીરે. સદા૦ ૪
"अ"કારને જીવાકાર, બ્રહ્મ બતાવો જાણી;
ચેતન છે અતિ મય, સર્વે કરી પ્રમાણી. સદા૦ ૫
સાયક સુખને દુખ, વદું હું અજબ વાણી;
એજ પ્રકૃતિ મૂલ, અતુલ્ય મનમાં આણી. સદા૦ ૬
"अ"કારનો થયે લોપ, "क"કાર કેવળ હોયે;
"क"કાર વર્ણ અખંડ, બ્રહ્માનંદને જોયે. સદા૦ ૭
અદ્વિત્ય જુદો છે એક, મહાનન્દ કેરે સ્વરૂપે;
હરદમ દિલ કરે શાંત, સચરાચર તે અરૂપે. સદા૦ ૮
એ અનુભવનો ભાવ, નાખે નહીં કો ભાગી;
[1]જીવનમુક્ત થઈ આપ, તરી ત્રિકમ છુટશે રાગી. સદા૦ ૯

---

૧ જીવનમુક્ત—જે મનુષ્ય અજ્ઞાનમાં મૃત્યુને પાત્ર થાય છે તે જીવનમુક્ત કહેવાય નહીં પણ-જે મનુષ્ય શિવ રૂપ જીવ સમસ્ત જીવોમાં ચિદાનંદરૂપથી કાયમ છે. અગર જીવ અને ઈશ્વરને ભેદ રહીત દ્રષ્ટિથી જોનાર અગર સૂર્ય બ્રહ્માંડને પ્રકાશ કરે છે તેમ ચૈ-

૧૩ *વાયુ રોકવા વિષે.

રાગ કાફી.

(અમર જીવને આપોરે, અહિંસા દૂર કરી—એ રાગ):

સ્વાસા જે નર સાધેરે, સ્થિર મન કરે બાંધું;
તાકાત આવે તનમાંરે, ક્રિયા કામ જેવું કીધું—(ટેક) સ્વાસા૦

તત્વરૂપ બ્રહ્મ જીવસ્વરૂપ થઇને સમસ્તના પ્રકાશ કરી સર્વત્ર વ્યાપક થાય છે અગર આત્મા સર્વ પ્રાણિયોમાં સ્થિત, બ્રહ્મસ્વરૂપ જાણે છે કે જે ભેદરહીત છે, એટલે જ્ઞાનદ્રષ્ટિથી જુવે છે, તે, અગર પંચતત્વનો કરતા હું છું એમ જાણનાર યાને કર્મેંદ્રિને વશ કરનાર અથવા શોક, મોહાદિક વર્જીત સારીરાક કર્માનુષ્ઠાનને સ્વીકારેલા છે તે, અથવા જ્ઞાનસ્વરૂપ, આકાશની પેઠે સર્વવ્યાપક જગદિશ્વર તથા સર્વે ભુતોને ચૈતન્ય કરનાર અથવા તમામ પ્રાણિ માત્રમાં વૈરરહિત શીવરૂપ અ-થવા સમાધિમાં સ્થિત થઇ મનને શૂન્ય, લય, અને વિલય એ ત્રણ માર્ગ સંયુકત કરે એ આદિ જેનામાં એવા ગુણો ભરેલા છે, એવા પુરૂષો હમેશા નિરાકાર જે બ્રહ્મ છે, તેજ સોહં અને સોહંના જ્ઞાન સૂત્રમાં પ્રાણિયોની પેઠે સ્થિતિમાન છે. તથા તેજ આત્મા હું છું. એમ સોહંદ્વારા જીવ અને આત્મામાં અભેદ જાણનારને જીવનમુકત કહેવામાં આવે છે.

*** વાયુ રોકવા વિશે—આ દેહમાંથી: જે વાયુ નિકળે છે. તે વાયુને એકદમ રોકવાથી શરીરમાં રોગની ઉત્પત્તિ થાય છે. તે કારણસર યોગીલોકોએ તેનો નિયમ પાડેલો છે. તે નિયમ પ્રમાણે રેચક,**

હાલતા ચાલતા, સ્વાસા રોકે પોતે, સ્થિર થઈ મન કરે શાંત;
પ્રાણુયમ કરે, પુરી રીતે પાખી, ધારણા ધરે એકાંત;
જીવીત હજાર વર્ષનું રે, ઝડપથી જીતી લીધું. સ્વાસા૦ ૧
"ख"ગાકારમાં, ખરી રીતે ખુંચી, હંસ રૂપ બ્રહ્મ કેરે હાથ;
સાક્ષાતકાર, થવાને સિદ્ધ સાધુ, બળે ઇચ્છીત ભરે બાથ;
ચિંતવન કરે ચિતેથીરે, બ્રહ્મજળ પરખી પીધું. સ્વાસા૦ ૨
પાંચ પ્રકારના, ધ્યાન પરખો પ્રભુના, સુદ્ધ મને કરે સાક્ષાત,
આત્મા અને વળી, જગત ઓળખી હેતે, ખુખારી હરી ભજે ખાંત;
અભેદ ધ્યાની એવારે, મસ્થા રહે લેવા સિંધુ. સ્વાસા૦ ૩
"ख" એટલે, શષૂમણાનાડિ છે, તે મધે ચિત્રણી નાડ;
તે નાડિના મધ્ય સ્થાને જુવો, આત્મતત્વની આડ;
એવી આત્મશકિત છેરે, કર્મ બાળી કામ કીધું. સ્વાસા૦ ૪
અંતરીક્ષમાં કરે, ભાવના આત્માની, જીવમય જાણો જરૂર;
જીવ શિવ મધે, જુવો ત્રિકમ બને, તેમાં અભેદ છે પુર;
ત્યાગ ચિતનો ત્રોડીરે, અજર મુકતા છે અવિધ્યુ. સ્વાસા૦ ૫

પુરક, કુંભક એમ ત્રણુ ભાગ કરીને ક્રમ પ્રમાણે વાયુને ખેંચવો, બહાર કાઢવો ને દેહમાં રોકવો તેને પ્રાણાયમનું નામ આપેલું છે. આવા પ્રાણુાયમના આઠ પ્રકાર કરેલા છે. જેનું નામ કુંભકથી ઓળખાય છે. તે પણુ ક્રમ પ્રમાણે વરતતાં આ દેહ સુધી રહે છે અને તેનો વધારે અભ્યાસ રાખવાથી ત્રીકાળ જ્ઞાની થઇ મોક્ષપદને પામે છે.

૧૪ [1]ધ્યાન વિષે.

રાગ વૈરાગનો.

(વનચર વિરા વધામણી, કહેને કયાં થકી આવ્યો—એ રાગ)

પુર્વોકત પ્રકારે પુરૂષો, યોગ ધારણા કરે એવી;
બ્રહ્મવિત બળ બ્રહ્મજ્ઞાનનું, ગતિ ચલાવે તેવી. પુર્વો૦ ૧
જ્ઞાન અજ્ઞાનથી પરગુણી, બ્રહ્મનિષ્ઠ જેવા બની;
સુદ્ધ રૂપ એવું સદા થઇ, ગુણી ગુહ્ય ધર્મ ગણી. પુર્વો૦ ૨
[2]નાશિકા નિરનો લય કરી, જેના અગ્ર આકાશે;
[3]કાંબર બ્રહ્મને મન આણી, પ્રયત્ન કરે પ્રકાશે. પુર્વો૦ ૩
નિર્ગત થઈ બને [4]મરૂતને, સાધો લય કરવા સિધો;
મન સ્થાન પરમ મોજથી, ચિતને બંધ કરી ચીંધો. પુર્વો. ૪
એ ધ્યાન ઇશ્વર તણું એવું, કરો કર્મ બાળી કોડે;
મન સ્થિર બનશે માનવી, ત્રિકમ જન્મ બંધ ત્રોડે. પુર્વો૦ ૫

૧ ધ્યાન—ધારણાના દેશ વિષે ચિતવૃત્તિઓનું એકતાનપણું તે ધ્યાન છે. આ ધ્યાન પુર્વોકત ધારણાના દેશમાં વૃત્તિ અખંડપણે ધ્યાતાધ્યેયના ભાનપુર્વક સ્થિર રહેવા લાગે ત્યારે ધ્યાનાવસ્થાની પ્રાપ્તિ થઈ ગયાય છે. આ ધ્યાન ચાર પ્રકારનું છે. ૧ આધિભૌતિક ૨ આધિદૈવિકઃ ૩ અધ્યાત્મિક અને ૪ તુરીય એમ છે. વળી તે ચાર પ્રકારમાં જુદા જુદા ભેદ છે. તે પુસ્તક લંબાણથી લખતો નથી.

આકાશ—૨ નાસીકા, ૩ અંબર, પવન—૪ મરૂત.

૧૫ ¹બ્રહ્મની ઊરમી.

લાવણી.

જ્યોતિમય પરમાત્મા જાણો, ઉર્મિ જેમાં નવ ઊગી;
સંકલ્પવિકલ્પ મંગળ નિર્મળ, આત્મધ્યાને ધિ કરે ધિગી. ૧

પ્રભા મન સુન્યમેળ રહીત જે, આશક્તિ હિણુ નિઃયોજ આણો;
બ્રહ્મ વગર નિરાભાસતે ભાખો, મિથ્યા વસ્તુ સુન્ય માનો. ૨

સ્વાનુંભવ જે આનંદ રસને, બ્રહ્મની એકતા રૂપ જાણો;
ધ્યાન ધરે નર જે કોઇ ધિરા, જરૂર સમાધિ સિદ્ધ આણો. ૩

ભવસાગર તણા બંધન ભાવે, છુટે મુક્ત થશે બાળા;
એ લક્ષણ અલૌકીક આણી, બળથી ત્રિકમ બને વાળા. ૪

૧ બ્રહ્મની ઉરમી—ધ્યેય વસ્તુના સ્વરૂપને પામેલું મન જ્યારે પોતાના મનપણાના સ્વરૂપનો પરિત્યાગ કરીને અને સંકલ્પવિકલ્પથી રહિત થઇને કેવળ ધ્યેય વસ્તુના સ્વરૂપથી સ્થિર થાય છે, ત્યારે તેને યોગિ પુરૂષો સમાધિ કહે છે. અને તે સમાધિમાં બ્રહ્મનું જ્ઞાન થતાં પોતાના જે જે સંકલ્પવિકલ્પ વિચારો તાદષ્ય જોવામાં આવે છે, છતાં બ્રહ્મ શિવાય પોતાનું મન બીજે ડગતું નથી. તેજ બ્રહ્મ ઉર્મી કહેવાય છે.

૧૬ જ્ઞાન વિષે.

પદ.

(મહાપદ કેરી વાત, જે કોઇ જાણેરે–એ રાગ)

પંચમહાભુતાત્મક સંગ, શરીરને જાણોરે;
પ્રારબ્ધ કર્મ બંધાય, મનમાં આણોરે. પંચ૦ ૧

૧ જ્ઞાન—જેનું ચિત હમેશા ઇશ્વરમાં છે. તેમાં કોઇ પ્રકારનો સંષય નથી. યોગદ્વાર પોતાનું ચિત ઠરાવી ઇશ્વરમાં ઠરાવેલ છે તેજ જ્ઞાન.

શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ ઇત્યાદિ ગુણોનો આધારભૂત એવા આકાશ, વાયુ, તેજ, જળ અને પૃથ્વી ઇત્યાદિ દ્રવ્યો છે. આ દ્રવ્યોજ વિલક્ષણ ધર્મવાળા હોવાથી પરસ્પર ભિન્ન છે. અને તેથી તેમના એ ગુણો પણ પરસ્પર ભિન્ન છે; તથાપિ એ ગુણોનું જાણવું કે ગુણોનું જ્ઞાન, તે ગુણોથી ભિન્ન છતા પણ જૂદું જૂદું જણાતું નથી. તેતો આકાશની પેઠે એક જ્ઞાન ને જ્ઞાન, એ રૂપેજ ભાસમાન થાય છે. શબ્દ, સ્પર્શ આદિક ગુણોજ પરસ્પર ભિન્ન છે, એમ નહિ પણ ઉપાધિ ભેદે કરીને ઘણા શબ્દો અને ઘણા સ્પર્શો પોતે એક જાતિના છતાં ભિન્ન છે, પણ એ સઘળાનું જ્ઞાન સદા જ્ઞાનરૂપેજ ભાસે છે. **અત્રવિવાદનો વિષય જ્ઞાન છે.**

ઉપર બતાવ્યા પ્રમાણે જ્ઞાન એજ નિત્ય અને સ્વપ્રકાશ રૂપ છે. સર્વ અવસ્થામાં અને સઘળે ઠેકાણે જ્ઞાનજ છે. એ જ્ઞાનજ આત્મા છે, કેમકે આત્મા નિત્ય અને સ્વપ્રકાશ રૂપ છે. જે પદાર્થ નિત્ય અને સ્વપ્રકાશ રૂપથી તે કદાપિ આત્મા નથી. સઘળી ચીજો, ઘડો, લુગડું લાકડું ઇત્યાદિ અનિત્ય છે–હમેશ ટકે એવા નથી; વળી

અનાદિકાળના ખટકર્મ, છે દેહી સંગેરે;
નિશ્ચળતા જીવ નિહાળી, વખાણે ઉમંગેરે. પંચ૦ ૨
યોગદ્વારા સમાધિની રીત, યોગી કહે એવુંરે;
પરમાત્માના થાય દરશન, નિરખે નકી તેવુંરે. પંચ૦ ૩
સમાધિ જ્ઞાન સાધે સાધુ, ગણો યોગી પુરારે;
આત્મયોગી થાયે એજ, સુદ્ધ જ્ઞાને સુરારે. પંચ૦ ૪
યોગીમુની જટાધારી, જ્ઞાનને પહોચેરે;
પાર પડી પદાર્થ પામી, ખેદ ટાળે ખોંચેરે. પંચ૦ ૫

૧૭ મનહર છંદ.

હ્રસ્વ, દિર્ઘ, પ્લુત વિના, સ્વર વ્યંજન આત્મક;
પચાસ વર્ણાતિતને, જાણી તેને મુકશો.
બિંદુ અનુસ્વર નાદ, અથવા કળા ત્રણેથી;
ભિનતા ભાવે ભણીને, પર ગણે ઝુકશો.
ભેદ તેના જુદા ભાળી, ખરો દાવ ખાંતે કહી;
તાતપર્ય તેનો લઇ, ચતુર નવ ચુકશો.
વેદ તાતપર્ય કેરૂં, જાણી જીવ મુકી જેની;
પુરૂષ આત્માપુરણ, ત્રિકમ જો નુકશો. ૬

તે બીજાના પ્રકાશથી પ્રકાસે છે; માટે તે આત્મા નથી. પાછળ બતાવ્યું તેમ જ્ઞાન--આત્મા અવિનાશી એટલે નિત્ય અને સ્વપ્રકાશ રૂપ છે. આંતમા નિત્ય છે માટે તે સત્ય છે. જે પદાર્થ નિત્ય નથી તે સત્ય નથી, અને જે નિત્ય છે, તે સત્ય છે. તે જે સત્ય છે. તેજ જ્ઞાન કહેવામાં આવે છે.

૧૮—બીહાગ રાગનું કીરતન.

જીવતા નર, ભુત, ભજન વિના, જીવતા નર ભુત—(ટેક)
સંસાર તરવા, કરે જે યત્નો, મુની મોટા અબધુત;
ગુરૂ ઉપદેશ વિના, થાય ન ગુણી, રખડે કરતા તે સુત. સં૦ ૧
અનુભવાત્મક, જ્ઞાન મેળવે, ગુરૂ તણે ઉપદેશ;
લાભ થાય છે, જ્ઞેય તણો જે. રૂડો બતાવવા વેશ. સં૦ ૨
તાતપર્ય, વેદાંત જ્ઞેય ગણો, સચ્ચિદાત્મક સ્વરૂપ;
હૃદયકમળ વિષે, ધ્યાન ધરીને, રાખે શાન્તિ અનુપ. સં૦ ૩
યોગાભ્યાસે, સારી શાન્તિ મળે, કરે પ્રાણાયમ પૂર;
જેમાં વૃત્તિયો, રોકાઇ ગયેથી, તામસ તજે રહે નુર. સં૦ ૪
એવા અમુલ્યના, ફળ મળેથી, તજે જે કષ્ટ તમામ;
બાકી પ્રયોજન, નાશ પામીને, હેતે ધરે રૂડી હામ. સં૦ ૫
વેદ આદિના, મધ્યને અંતે, ૐકારાત્મક ગણો જેમ;
સ્વર ઉચ્ચારણ, જાણો ઉરે તેને, પ્રકૃતિલિનમાં તેમ. સં૦ ૬
પ્રકૃતિથી પર, વાકય ચતુષ્ટ જે, શબ્દ બોધક છે શુધ;
જેનું નામ શક્તિ. મહેશ્વર ધારો, તત્વજ્ઞાની તે ખુદ. સં૦ ૭
એનો વ્યતિરીકત, એનાથી પર છે, તેને પહોચે કેમ વેદ;
કહે છે ત્રિકમ, તૃષ્ણા નથી જેને, એવાને શાનો ખેદ. સં૦ ૮

૧૯—તૃષ્ણા ક્ષય વિષે.

મનહર છંદ.

નદિના ઉતરનાર, હોડિની ઇચ્છા હોંશેથી;
કરે હેતે ઘણું કરી, પાર જવા પ્રેમથી.

ગંગા ઉતરીનેગુણી, જાય તે આગળ જુસે;
દરકાર તજે દિલ, વદે નવ વેમથી.
તેમ પ્રભુ માટે તાકી, ધ્યાન ધારણા સમાધી;
સાધી સિધ થઇ સદા, ભજે ઇષ્ટ પ્રેમથી.
ત્રિકમ તદાકારથી, તન મન ધન જેવી;
તમામ વસ્તુઓ તજી, નિતિવંત નેમથી. ૧
બુદ્ધિમાન લોક બહુ, વેદને સામાન્ય જ્ઞાન;
વિશેષ મેળવી મોજે, અનુભવ કહે છે.
પછી ગ્રંથ ત્યાગ કરી, અલગ એ અનુભવી;
છોડી ટાળી અંતે એથી, આપ જુદો રહે છે.
અન્ન ભેલું કરી ખેડુ, અન્ન જુદુ પાડી પોતે;
છોડાં કાઢી અન્ન લઇ, સુખ સારૂ સહે છે.
ત્રિકમ તદરૂપ થૈ, વાંચ્છિત વાળો જે નર;
અલગ રહેવા પોતે, સદા આપ ચાહ્ય છે. ૨
ધનના ખંતિલા લોક, ધન માટે દિવો ધરી;
ધન ખોળી ધન લઇ, દિવો દુર કરશે.
અન્નના ઇચ્છનારાઓ, અન્ન લઇ છોડાં કાઢી;
અન્ન સંગ્ર કરી આપ, છોડાં દુર ધરશે.
હંસ દુધ પાણી લઇ, પાણી તજી દુધ પોતે,
મન તૃપ્ત કરી મોજે, પાણી થકી ફરશે.
તેમજ અવિદ્યા વિદ્યા, સાધુલોક સાધે સદા,
ત્રિકમ અવિદ્યા તજી, વિદ્યાથી તે તરશે. ૩

અમૃત પિનાર અન્ન, દુધ આદિ દુર કરે;
તજે તે તમામ વસ્તુ, એક વસ્તુ ધારીને.
પરમપદાર્થં પામી, ધીર વિર ધિરે ધિરે;
માયારૂપિ વસ્તુ મુકી, નમ્ર તજે નારીને.
અખંડ અમુલ્ય એહ, બ્રહ્મરૂપ બ્રહ્મ બની;
તાકાત તમામ તેમાં, આવે એજ ચારીને.
ઇષ્ટ રીત પ્રભુ પ્રિત, સાધન સમાન મલે,
ત્રિકમ ક્ષય ત્રણ્ણાનો, થયે પોંચે બારીને. ૪

૨૦—દોહરો.

પાર્થિવ સાંભળ પ્રેમથી, ચંચળ રાખી ચીત;
બતાવું છું હું બોધથી, હૃદયે રાખવા રીત. ૧
વેદ જ્ઞાન વિધિ નિશદ, આદિ કર્તવ્યા કર્તવ્ય;
કર્મબંધન યુકત નથી, એ કેમ થશે અસત્ય. ૨
ભેદ બતાવું બ્રહ્મના, વિગતે બતાવું વાત;
ખેદ રાખિશ નહી જરા, ત્રિકમ સાંભળ તાત. ૩

૨૧—બ્રહ્મ જાણવા વિષે.

ગરબી.

(પ્રેમ મગનમાં રાજી, પ્રભુજી મારા, પ્રેમ મગનમાં રાજી—એ રાગ)

અજબ રીત છે ન્યારી, સંસારની, અજબ રીતી છે ન્યારી—(ટેક)
જ્ઞાનામૃત થકી, તૃપ્ત થયેલ જ્ઞાની, બ્રહ્મનો સાક્ષાત્કાર ભેદી;
વિધાનિષેધકે, વિધિયુક્ત કર્મો, યોગીને કરે કેમ ખેદી. સંસાર૦ ૧

યોગી લોકો સૌ, જનસમુહ કાજે કરે, વિવિધ કર્મો ધારી;
અભિલાષાથી, વિધિનિષેધ કર્મો, ભળે ન તત્વમાં ભારી. સં૦ ૨
તત્વજ્ઞાની, કહેવડાવવા સારૂ થશો નવ [1]કર્મના ત્યાગી;
બ્રહ્મ પ્રાપ્તિ, પડેલા પ્રાશ્ચીત લાગે, કર્મ ત્યાગે થાય બેરાગી. સં૦ ૩
આવા પ્રકારના, દોષ થયે યોગી, બ્રહ્મ કેમ મળશે ભાઈ;
સંસાર સુખના, લોભમાં પડતા સૌ, ત્રિકમ બ્રહ્મ તજે ત્યાંહી. સં૦ ૪

૨૨—ગરબી.

(સખી પડશે તે પુર્ણ બ્રહ્મ, જે કોઇ જાણેરે એ રાગ)

વેદ જાણ્યા વિનાના યોગી, ન થાયે વેદીરે;
પાડી અર્થના નથી સંજોગી, ખરા વેદી ખેદીરે. ૧
વેદ જ્ઞાન સમજી કરે પાઠ દિલના ડાહ્યારે;
ગુણ જાણી વાળે ગાંઠ, ન જાયે વાહ્યારે. ૨
તાત્પર્ય જ્ઞાનનું છે વેદ, બ્રહ્મજ્ઞાની જાણોરે:
તેમાં જરા ન રાખો ભેદ,, અંગ રંગ આણોરે. ૩
દિર્ઘ:દર્શન જોઈ હાલ, બજાવનાર સારારે;
અવિચ્છિન ચલાવે ચાલ, જેવી જળધારારે. ૪
તેવો પ્રણવનો પ્રવાહ, ચાલે અવિચ્છિનરે;
હરદમ કરે બ્રહ્મ ચાહ, મળે હરિ લીનરે. ૫

---

૧ કર્મ—હમેશા બ્રહ્મની પ્રાપ્તિવાળા પુરૂષો પોતાના દમ જ્યારે સ્નાનસંધ્યા નિત્યતર્પણ પુજન આદિ જે રોજનાં કર્તવ્યકર્મ છે તે કરવા. પોતે તત્વજ્ઞાની કહેવડાવવા સારૂ નિત્યકર્મનો ત્યાગ કરવો નહીં. તે કરવાથી પ્રાશ્ચીત લાગે છે.

૨૩—મનહર છંદ.

જીવાત્મા જો અણિ કાષ્ટ, ૐકાર પ્રણવ અણિ;
અન્ય કાષ્ટ રૂપ ગણી; દિસે અંગ ભાણુજો.
ધ્યાનરૂપ મથનથી, સ્વપુન્ય વધારી પ્રેમે;
પાંડીત્યતાં અહંકાર, રહિત તે માનજો.
જે પુરૂષ અવસ્થિત, થાય હરદમે એમાં;
એવા યોગી લોક કેરૂં, દિલ એમાં આણજો.
મહાનમુનિયો જેવા, બ્રહ્મ દરશન કરે;
જાગ્રત કે સ્વપનમા, ત્રિકમ તે જાણજો. ૧૯

૨૪—એકતા વિષે.

દોહરો.

સ્વપ્રકાશ પ્રમાત્મા જુવો, અત્યંત નિર્મલ દેહ;
પ્રદિસ પરખી ધુમ રૂપે, જન દરશન કરે જેહ. ૧
હરદમ હાજર હોય તો, ચિંતવન કરે ચતુર;
મળશે દરશન મોજથી, પુર્ણ ગંગ જેમ પુર. ૨
જીવ દુર દેખો જરૂર, નથી દુર પણ તુર;
સંબંધ સુંદર છે સદા, હરગીજ હરી હજુર. ૩
શરિરમાં તે રહ્યા છતાં, છે અધ્યાસી રહીત;
સર્વવ્યાપી નિર્મળ સદા, ખંત કરશે ખચિત. ૪
અધ્યાસી છે આ દેહનો, બંધનથી નવ લેશ;
ભોગસાધન મુક્ત નથી, વર્તે સંસાર દેશ. ૫

તલમાં તેલ ક્ષિર ઘ્રતે, પુષ્પે સુગંધ પદાર્થ;
ફુલો સ્વાદે અગ્ની ઝરે, એમ વ્યાપક યથાર્થ. ૬
આત્મા [1]પંચકોષે વસે, સંપુર્ણ રહે શુધ;
સ્વયં પ્રકાશે સિધ થઇ, બળથી આવે બુદ્ધ. ૭

કોશ—૧ સ્થુલદેહની અંદર પ્રાણમયકોશ, ૨ પ્રાણમય કોસની અંદર મનોમયકોસ છે. મનોમયકોસની અંદર વિજ્ઞાનમયકોસ છે. ૪ વિજ્ઞાનમયકોસની અંદર આણંદમયકોસ છે. ૫ આનંદમયકોષ એજ આણંદરૂપ છે.

૧ અન્નમય કોષ—માતા અને પીતાના વિર્યથી દેહ ઉત્પન્ન થાય છે તે જન્મ્યા પછી પણ અન્ન દુધથી તે જીવે છે. તે આત્મા નથી.

૨ પ્રાણમય કોષ—અનમય કોષથી જે પુદ્ગળ બન્યું તેમાં જે વાયુનું આવાગમન છે તેને પ્રાણમયકોષ કહે છે તે પણ આત્મા નથી.

૩ મનોમયકોષ—શરીરમાં જે હુંપદ પેદા થાય છે તે હુંપદથી મારૂં, તારૂં, ધન દોલત, પુત્ર, લાભ; ખોટ, કામ, ક્રોધ; મોહ, આદિ વૃતિઓવડે ભ્રમિતપણું છે તે મનોમય પણ આત્મા નહી.

૪ વિજ્ઞાનમયકોષ—જેને વ્યવહર્યો છે, તેજ અને તેનું અનાત્મ બતાવે છે. મતલબ આત્મા હમેશ એકરૂપ છે બુદ્ધિ સુષુપ્તિ લિન થાય છે, ને પછી ઉદ્દભવે છે. આથી કરી બુદ્ધી પ્રધાન્ય વિજ્ઞાનમય કોશ ઘડાની માફક નાશવંત હોવાથી આત્મા નથી.

૫ જ્ઞાનમયકોષ—આનંદમય તમામ પ્રવૃતિ દુર કરી નિવૃતિરૂપમાં અનુભવ જે આત્માનો કરવો તે પણ બ્રહ્મ નથી. પણ બુદ્ધિ આદિમાં એનું પ્રતિબીંબ પડે છે એજ પ્રિય, મોદ, પ્રમોદ આદિ શબ્દનો ઉચ્ચાર આનંદમય છે.

૨૫–રાગ કેદારો, કીરતન.

(જીભલડીરે તને હરિગુણ ગાતાં, આવડું આળસ ક્યાંથીરે–એ રાગ)

જે કહિયે તે સતચિત આનંદ, બીજો કો નવ ધારોરે;
એનાથી આ સૃષ્ટિ ઊપની, એના સો આધારોરે. જે કહિ૦ ૧
તલમાં એકરૂપ તેલ રહે છે, તેમ જીવ એકત્ર દેહેરે;
આખા શરિરે મનમાં રહેલો, મનોમય સાક્ષિ હરિ કેહેરે. જે૦ ૨
મનનો સાક્ષિ સંકલ્પરહિત જે, એજ અતઃકરણ અંતર આત્મારે;
એ ચિદાત્મક યોગીજન જાણે, એમનાય મુક્ત આત્મારે. જે૦ ૩

૨૬–દોહરો.

સમાધિ સ્થિતના લક્ષણો, વદે સ્વતઃ સિદ્ધ વેદ;
પાર્થિવ સુ શ્રી કૃષ્ણ કહે, ભાંગ્યી ત્રિકમ ભેદ. ૧

૨૭–છપો.

જેનું અંતઃકરણ, નિર્મળ આકાશ જેવું;
મનવાસના ન ધરણ, વિષય નિઃસગ જો તેવું.
રહિત થાય તે વરણ, નિષ્કૃય નિશ્ચય થઇને;
અતુર પડશે ચરણ, મરણથી દુર રહીને.
એ નર સચિદાનંદ સ્વરૂપનું, જ્ઞાન મેળવે ગુણી ઘણું;
સમાધિ ત્રિકમ એ સ્થિતમાં, તન મન શાંતિ મળે ભણું.૧

૨૮—દોહરો.

સમાધિસ્થ યોગ ફળનું, ઇચ્છાવાળા યોગી;
વર્ણન તેનું શ્રી કૃષ્ણ કહે, ભાવે સાંભળ ભોગિ. ૧

૨૯—સમાધિ વિષે.

ગરબી.

(સમરૂં સૃષ્ટિના સરજનાર, સાર છે સદગ્રંથનોજો—એ રાગ.)

અષ્ટાંગ યોગ કેરા ધરનાર, સુદ્ધ પવિત્ર મોટાજો;
યમ નિયમ આસન ધરનાર, છેક નથી વિર છોટાજો. ૧
આસુાયસને પ્રતિહાર, વાયુના રોકનારાજો;
ધ્યાન ધારણાના ધરનાર, એ છે શાંતિના સારજો. ૨
યમ તથા પ્રતિ અંગ આઠ, કરી અમૃતને પામેજો;
વાયુ આહારની બાંધે ગાંઠ, ભલા સંતો શી છે હામેજો. ૩
એવા મન નિગ્રહ કરનાર, નિત્ય અભ્યાસી નિહાળેજો;
સારઅસારના સાધનાર, જન્મમર્ણ લે કાળેજો. ૪
સંસારીવસ્તુનો નાશ, જે મનુષ્યો કરશેજો;
ખરો ત્રિકમ વેદ છે ખાસ, સમસ્થીત યોગી તરશેજો. ૫
નિચે ઊંચે મધ્યદેશ, પરિચ્છેદ તે ખોશોજો;
એ ભાવના છે સમાધીસ્ત, પુર્ણ રીતે જાણોજો;
આત્મભાવ થાય એક સિસ્ત, સમાધિ ક્ષણ એક આણોજો. ૭

અરજુન કહે છે—

૩૦—ભાવના વિષે.

દોહરો.

ભાવના કરે ભવિઓ, કરે ન પુન્ય કે પાપ;
ત્રિકમ વિધિ નિષેધથી, ટળે ત્રિવિધ તાપ. ૧

૩૧—મનહરછંદ.

અરજુનની અરજ એ, અદૃશ્ય વસ્તુના જેવી;
ભાવના અસંભવીત, ભણો ઇશ ભાવથી;
જગદાદિ નાશવંત, જાણો સઉ જગતમાં;
ગ્રંથમાં ગવાય ઘણું, આવ્યું છે એ ધાવથી.
યોગી રૂપાદિત વળી, શબ્દાદિ ગોચર જેને;
જગદાત્મ જેને જોશે, વદોવેદ ભાવથી.
કેવે પ્રકારે ધ્યાન સૌ, થિરચિર થઈ ધરે;
ત્રિકમ એ કૃપા કરી, દલિલ દો દાવથી. ૧

શ્રીકૃષ્ણ કહે છે—

૩૨—ગરબી.

(પડવેની જણુ પ્રિત ગતમત ભુલીરે–એ રાગ)

ઉર્ધ્વ, અધો, મધ્ય દેશ, જુવો મારા પ્યારારે;
સર્વ પરીપુર્ણ સાધો વેશ ધરી દલ ધારારે. ૧
એ કહેવાય આત્મવેશ, અદૃશ્ય દેખોરે;
અલખ અલગ કરી પ્રવેશ, મનમાં પેખોરે. ૨

એકતાવાળા છે જે, યોગી ચારેરે;
એવા સમાધિ કેરા સિદ્ધાંત, દિલમાં ધારોરે. २

સુખ દુખનો થયે સોચ, સદૈવ્ય બને કેવારે;
અજબ ખેલનો કાઢે ખોંચ, કોના જેવોરે. ४

આત્મભાવના જુવો મીત્ર, છે સંસારનીરે;
જુદા નિરની એકઠી પ્રિત, તે અક્કલ નહી નિરનીરે. ५

સાલબ્ધ સમાધિની રીત, જે કોઇ સાધેરે;
ત્રિકમ ભકત બને ખચિત, હરિ આરાધેરે. ६

૩૩ શી રીતે મનુષ્ય તરે.

અરજુન કહે છે— મનહર.

આત્માસહાકાર એને, જાણી સઊ જોગીયો તે;
અનિત્ય હમેશ વદે, વેદ વેણુ વાપરી.

કદિ નિરાકાર કહે, મહામોટા માનવંત;
આપ આદિ યોગેસ્વરો, ધારણા ધરી કરી.

વળી કેવે રૂપે ધ્યાન, ધરે ધિર વિર ધરા;
જરૂર જણાવો જન, કેમ તે જાયે તરી.

અમારો પ્રશ્ન જે એ છે, સંદેહ જાણે શ્રીકૃષ્ણ;
જાગો ભેદ ત્રિકમ તે, વાતોમે મુકી ખરી. १

શ્રીકૃષ્ણ કહે છે—

૩૪—ભજન પદ.

ભજો સૌ સતચિત્ત આનંદરૂપ, ભજો સૌ સતચિત આનંદરૂપ—ટેક.
નિર્મળ હૃદય રાખી રાગદ્વેશને, રોકી શુદ્ધ થનાર. ભજો૦ ૧
શુદ્ધ ગુણ ધરીને ઇશ ભાવે, જુવો જે છે ભજનાર. ભજો૦ ૨.
ચરાચર બ્રહ્મ પરખી પોતે, આપ આપને જોનાર. ભજો૦ ૩
પાપ તાપનું માપ માપીને, ખુવાર કરે ખોનાર. ભજો૦ ૪
અનુભવ સર્વે એનો મેળવી, સુખ સદૈવ લેનાર. ભજો૦ ૫.

૩૫—દોહરો.

અરજુન કહે સાંભળો, શ્રીકૃષ્ણ મહારાજ;
પુછું 'ઓંકાર" જે આદિનાં, ભેદ બતાવો આજ. ૧
અક્ષર માત્રા સહિત જે, બિંદુ જે બોલાય,
એ આશ્રીત છે એહના, ઘટાડો ઘડીમાંય. ૨
બિંદુનાદ સબન્ધિત છે, કાળને આધીન;
એ કળા કોણ આશરે, ચતુર બતાવો ચીત. ૩

શ્રીકૃષ્ણ કહે છે—

૩૬—ગરબી.

(શીખ સાસુજી દેછેરે, વહુજી રહેજો રંગે-એ રાગ)
શ્રીકૃષ્ણ કહે છેરે, અરજુન સાંભળજે;
અવસ્થા પન્નેરે, નાદ શબ્દો ગાજે. ૧

તે મધ્યે જ્યોતિ છેરે, મુકાશે તેતો પ્રેમે;
જ્યોતિ મધ્યે મન છેરે, વસે તે તો એમે. ૨
બ્રહ્મમાં મન લય પામેરે, એ સ્થાન સૌ સહે;
વિષ્ણુ પર્મપદ છેરે, રૂડું મન મુક્ત રહે. ૩
ૐકાર પ્રણુવ નાદેરે, ચિત તે સંગ ધરો;
પુરક રેચક ક્રિયાથેરે નિરાલંબ થઇ ઠરો. ૪
એવું બ્રહ્મનું ધ્યાનછેરે, લક્ષપુર્વક જે કો કરે;
ૐકારનો ધ્વની લયરે, બ્રહ્મમાં નાદે ધરે. ૫
એ લય નાદે જાણેરે, પરમવિષ્ણુ પામે;
ત્રિકમ તદાકાર ભણેરે અભય થઇ વસે ધામે. ૬

અરજુન પુછે છે—

૩૭—ગરબી.

(એ મહિને ના જઇએ પીયુ પરદેશમાં—એ રાગ.)

આ દેહ કેરી રચના કહો આણંદથી,
જેની જુક્તિ જણાવો જાદવરાયજો;
દયા ધરીને સંશય ટાળો સામટા,
જે કારણથી ચિતની ચિંતા જાયજો. આ દેહ૦ ૧
પંચમહાભુત કેરોરે સર્વનો દેહ બન્યો,
જેનો જ્યારે થાય હમેશનો નાશજો;
વિવેકે વિખરાઇને કયાં જઇ તે વસે,
તેમાં પરબ્રહ્મ કેરો શું છે પ્રયાસજો. આ દેહ૦ ૨

આવી વખતે પાંચ પ્રાણ પાંચ વાયુ ખસે,
પડે દેહથી અલગ જ્યાંયને ત્યાંયજો;
ધર્મ અધર્મ કર્મ દેહમા ક્યાં ખસે,
તે પળે તે ખશી કોને કયહાં સાયજો. આ દેહ૦ ૩
પાપ પુન્ય તે કેવી રીતે ક્યાં ભોગવે,
તે રસ્તાની સિડી બતલાવો શ્યામજો;
વિના બતાવે શાંતિ ત્રિકમ થાય નહી;
લક્ષણો સમજાવી આપો સ્વામી હામજો. આ દેહ૦ ૪

૩૮—મનહર છંદ.

શ્રી કૃષ્ણચંદ્ર કહે છે—
ધર્મ અને અધર્મ જે, મન પૃથ્વિ આદિ સંગ;
પંચમહાભુત ઇંદ્રિ, અભિમાની દેખશો.
દિશા આદિ અને વાયુ, આદિ પાંચદેવતાઓ;
દિસે વાયુ એક તેમાં, વરૂણને પેખશો.
અશ્વનીકુમાર પાંચ, દેવતા જે અંતરની;
નિત્યમાં ઇંદ્રિયદ્વારા, અભિમાની લેખશો.
જ્યાંહાં લગી સરવ એ, તત્વનો લે લાભ નહી;
તાંહાં લગી ઉપાધીનો, લિંગ દેહ દેખશો. ૧

અરજુન પુછે છે—

૩૯—ધોલ.

(હરીનો મારગ છે સુરાનો નહી કાયરનું કામ જોને—એ રાગ)
આતુરતાવાળો જે અરજુન, પુછે કૃષ્ણને વાત જોને;
સ્થાવર અને જંગમ આદિ, શરૂથી કેમ એ થાત જોને. ૧

સચરાચર સુષ્ટિના સંગે, વસ્તુ સ્થુળનો વેગ જોને;
દેહાભિમાની તવ દેખો, ભાવિ તેજસ ભેગ જોને ૨
દેહદ્વારા જે સકળ વિશ્વનો, અભિમાનનો ત્યાગ જોને;
માટે જીવ તેજસ મહાલે, અભિમાની સ-રાગ જોને. ૩
શું કારણ અનુભવ આપ્યો, વિગતે વદો વાત જોને;
ત્રિકમ અનુભવ આપો એનો, રાખી મનને શાંત જોને. ૪

૪૦—ધોળ.

શ્રી કૃષ્ણચંદ્ર કહે છે—
પ્રભુ પોતે બોલ્યા પ્રેમે, સાંભળ પાર્થિવ પ્યારા જોને;
[1]પુરકરેચક પ્રાણવાયુ, થિર વિર ચલવે ધારા જોને. ૧
મુખ અને નાસાદ્વારે, બતાવે પુર્ણ પ્યારા જોને;
અહરનિષ અજપા ચલવે, મરૂતના કરી વારા જોને. ૨

---

૧ પુરકરેચક પ્રાણવાયુ વિષે—આપણા દેહમાંથી સ્વાસ નિકળે છે. તે ચોવીસ કલાકમાં ૨૧૬૦૦ વાર આવાગમન કરે છે. જે પવન દેહની અંદર જાય છે તે પુરક કહેવાય છે જે વાયુ બહાર નિકળે છે તે રેચક કહેવાય છે. બહાર નિકળતો નથી અને અંદર પેસતો નથી, એવા વાયુને કુંભક કહેવામાં આવે છે. તે વાયુને આપણે પ્રણુવ એવું નામ આપેલું છે. યોગીલોકો હમેશા (પ્રણુવ) આ પ્રાણવાયુ ઉપર મુખવાટે અગર નાશિકાવાટે હરદમ સરત રાખી પોતે જીવથી ન્યારો છે એવી ધારણા રાખી શિવનું ધ્યાન લક્ષમાં લે છે તેવા પુરૂષો શિવરૂપ બની જાય છે.

એકત્રિષ હજાર છસેં રસ્તે, જુવે જ્ઞાની સાર જોને;
આવજાવ કર્તા અજપા, ચલવે તે એક ધાર જોને. ૧

ગગને પ્રાણવાયુ કેરૂં, સુદ્ધ કરે તે પાન જોને;
આ દેહથી નિવ્રત થઈને, જીવ શિવ તે સમાન જોને. ૪

જીવપણાનો લોપ જોતાં, બ્રહ્મ પ્રાપ્તિ સુખ મળે જોને;
ત્રિકમ તે તદ રૂપે બની, ભાવિમાં એ ભળે જોને. ૫

અરજુન કહે છે—

૪૧—દોહરો.

સંપુર્ણવ્યાપક સુદ્ધ જે, બ્રહ્માન્ડ જે બોલાય;
અંતરીક્ષમાં એ રિતે, સમાય કેમ સદાય. ૧

એ પ્રકારે જગતનું, જુવો પ્રકરણ આજ;
સદા વેરાયલું જ છે, કરે તે ઉત્તમ કાજ. ૨

બહાર અંદર ને બધે જુવો જગત જરૂર;
+સુરમગમાં સમાયલું, ધીરે બતાવો પુર. ૩

પરબ્રહ્મ પરમેશ્વર જે, સવ ઉપાધી સહીત;
તેને નિરંજન કેમ કહ્યા ત્રિકમ બતાવો રીત. ૪

૪૨—ગરબી.

(શીખ સાસુજી દેછેરે, વહુજી રહેજો ઢંગે--એ રાગ)

*અનંતમાં જુવોરે, સંપુર્ણ બ્રહ્માન્ડ છે;
વ્યાપકતા તેતોરે, અખીલમાં તે તો છે. ૧

+ આકાશ.
* આકાશ.

જગત ઘેરાએલુંરે, તે તો જાણે સઊ;
અંદર ને બહારરે, જગત ઘેરાએલું. ૨
બને એકઠા રે'છેરે, ઠરેલ છે તેને જુવો;
પરબ્રહ્મપરમેશ્વરરે, તે જોતા નવ ખુવો. ૩
એ બ્રહ્માન્ડ ઊપાધીરે, નિરંજન શાથી કહ્યો;
ત્રિકમ હે સ્વામિરે, ભિતરબહાર કેમ રહ્યો. ૪

શ્રીકૃષ્ણ કહે છે—

૪૩—મનહરછંદ.

આકાશ કે મહાકાશ, અવકાશ અગરજો;
પરિચ્છિનાકાશ બને, જુવો જરા જુક્તિ એ.
અંબર યુક્ત તન્માત્રા, ભુત શબ્દ વ્યાસ દેખો;
ઊપાદાન હેતુ એને, મહાકાશ દુતિયે.
પુષ્કરથી એ કારણ થાય શબ્દ ઊંચારજો;
શબ્દ પરિણામ પામે, ઊપાદાન રીતિયે.
જેથી સિદ્ધ બને મિથ્યા, બ્રહ્મની શબ્દ યુક્ત;
ત્રિકમ કેવળ સાક્ષ્ય, નિરંજન નિતિયે. ૧
યોગીલોક ઇંદ્રિયોનો, નિયમથી નિગ્રહ કરે;
આત્માનું કરે દરશન, કરે રૂડા કોડથી.
જ્ઞાનની ઇચ્છાવાળાએ, જ્ઞાનીના શરીર તણું;
સંરક્ષણ કરવું તે, યોગ જાણે તોડથી.

[1]શરિરનો નાશ થયે, જ્ઞાન નાશ ગણો ગુણી;
એ કારણો ચિતે રાખો, વર્ણવ્યા છે ફોડથી.
પછી ટલે અપરોક્ષ, જ્ઞાન ગુણીજન તણું;
ત્રિકમ એ છેડો આવ્યો, કાઢી સર્વે ખોડથી. ૯

અરજુન કહે છે—

૪૪—દેહસંજ્ઞા વિષે.

દોહરો.

આ જગતના સૌ લોકને, હોઠ તાલુને દાંત;
જીભ ગાલ જો જો જરા ઉપના એ સંગાત. ૧
એના આશ્રીતો અરે, કહ્યા કેમ તે જાય;
નાશવંતને દેખતા, કેમ અજર કેવાય. ૨

---

૧ શરીરનો નાશ થયે જ્ઞાનનો નાશ થાય છે?—પુરૂષને જ્યારે અપરોક્ષ જ્ઞાન થાય છે અને તે સંગાતે તેની વૃતિયો ઈશ્વરમાં જોડાયેલી હોય છે. તે વખતે પોતાનો દેહ પડે અગર ન પડે. તેનેજ જીવનમુક્ત કહેવામાં આવે છે.

હવે અજ્ઞાની જીવ પોતાની વૃત્તિ ઇશ્વર સંગાતે નહી જોડતાં, માયામાં આરૂઢ થઈ વિષયરૂપી ક્યારામાં પોતાની વૃતિ મર્ણ વખતે આરૂઢ કરે છે તે વૃતિના સૂક્ષ્મ પરમાણુઓ ક્યારારૂપી પોતાને જે યોનીમાં જવાનું હોય તે સંસ્કારમાં એકઠા થઇ વૃતિદ્વારા નીકની માફક એકઠા થઇ ક્યારો જેમ પાણીથી ભરાઇ જાય છે, તેમ તે પાત્ર સંસ્કારરૂપી કર્મથી ભરાઇ એક દેહમાંથી મુકત થઈ, બીજો દેહ માયાના મહાન પ્રભાવથી ઉત્પન્ન થાય છે. તે સૂક્ષ્મ કે કારણ દેહમાં કર્માનુસાર દાખલ થાય છે.

સદૈવ એ નાશવંત છે, નથી તેમાંજ ગુન;
આપ તુલ્ય બીજો નહી. વર્ણવો ધારી પુન્ય. ૩.

શ્રી કૃષ્ણચંદ્ર કહે છે—

૪૫—ગરબી.

(રશિયા આવોરે રતે—એ રાગ)

વ્યાકરણ સંજ્ઞાનારે, સારી, ભિન્ન ભિન્ન વર્ણોચાર ભારી;
નાદ સ્વર કરેરે મુક્તિ; અક્ષર ઉચારની જુવો જુક્તિ. ૧.
તાલુ નાક આદિરે શોભે કંઠ આદિ સ્થાને મન લોભે;
આઠ સ્થાન એવારે, ધારો. પુર્ણ ઈશ્વર જુદો ન્યારો. ૨.
જાત વર્ણન રેખારે વદો પ્રેમે વ્યંજન પરખો પદો;
શ, ષ, સ, હ કારરે દુજો, સદા એવો પરબ્રહ્મ સુજો. ૩.
ક્ષકારમાં નત્રરે કહીસે. શ સંજ્ઞા એની સહીએ;
અક્ષર રહિતરે આણો, ત્રિકમ એજ પરબ્રહ્મ પ્રમાણો. ૪.

૪૬—મોક્ષ કેમ મળે.

અરજુન કહે છે— દોહરો.

ઇંદ્રિનો સંયમ કરે, મહા જે યોગિ લોક;
સર્વ ભૂતમાં શોભશે, નિર્ખિ રાખે નોંક. ૧.
જીવપ્રાણિતની અંદરે, બહાર જે દેખાય;
પ્રવેશ કરશે પ્રેમથી, કળા કરે તે કાય. ૨.
કેમ બને તે કારનું, બતાવો મુજ પ્રાણ;
મોક્ષ એથી કેમ મળે, જરૂર કરો પ્રભુ જાણ. ૩.

શ્રીકૃષ્ણ કહે છે—

૪૭—પદ રાગ કાફી.

*અપરોક્ષજ્ઞાન એવુંરે, શાણા મન જુવો સદા;
ઘુર જેથી નિકળેરે, તારક વાત મળે તદા. અપરોક્ષ-(ટેક)
નિરોધ કરે જેની, ઇંદ્રિયો નિત્યે, કરે આત્મદરશાન;
શરીર નાશ થયે જ્ઞાન ઘણું ઉપને, બસે દેહનષ્ટે જ્ઞાન ગહન;
નાશ પામે એવુંરે, ભ્રાંતિ નહિ રહેશે કદા. અપરોક્ષ૦ ૧
જ્ઞાન ટળે, જ્ઞાનતા એવું, અપરોક્ષથી જશે આપ;
માપ રહે, નહી જેવું તેવું. તુરંગી જોશો તાપ;
એવી શંકા, કરનારરે, ગુણી થઇ નાખે ગદા. અપરોક્ષ૦ ૨
અપરોક્ષનું ઇંદ્રિ, જ્ઞાન થતાં સૌ જન, ઇંદ્રિ સંયમ કરો શુદ્ધ:
ઇંદ્રિ સંયમથી, આનંદ આવે અરૂડ, અખંડ આનંદ રૂદ્ધ:
પરમતત્વ પસરેરે, કહે ત્રિકમ અભય અદા. અપરોક્ષ૦ ૩

---

* અપરોક્ષ—પ્રત્યક્ષ-સાક્ષાત્ ગુરૂમુખથી તત્વમસ્યાદિ મહા વાક્ય સાંભળીને બ્રહ્મનું પરોક્ષ જ્ઞાન થાય છે મનક્ષમ તે સમજાય છે. જે અગ્નિથી તમામ પદાર્થ નાશ પામે છે તેમ પરોક્ષજ્ઞાનથી તમામ પાપ બળી જાય છે. તે પાપ બળેલા મનુષ્ય બીજા જનમમાં જ્ઞાનવાન થઇ, તેજ જન્મમા કૈવલ્ય મુકિતને પામે છે. એટલે હુંજ-બ્રહ્મછું, બીજું કાંઇ નથી, એમ સમજાય છે, તેજ સમજનાર મોક્ષ પદને પામે છે. પરોક્ષજ્ઞાનીને જન્મમર્ણ રહે છે.

૪૮–પદ કાફી ઉપર પ્રમાણે.

વિષય વાસના થશેરે, છિદ્ર નવનો દેહ રહેતા;
જ્ઞાનને બુદ્ધિ નાસેરે, અંગ પસરણુ સહેતા. વિષય૦ ૧
સુખ અનેવળી, દુખ તણો માનવ, અભિમાની જીવાત્મા દેખ;
આત્મા કેરા, અનુભવોથી પોતે, કરી ન શકે જરા રેખ;
સુધ તેતો બને નહીરે, જુવો જુક્તિ તેની રહેતા. વિષય૦ ૨
જડતત્વ વાળા, જીવ સંગે ભોગવે, પંચમહાભૌતિક દેહ;
મલિનતામાં, મચ્યા રહિને મોજે, પ્રગટ કરે છે તેહ;
જેનું અદ્ભુત રૂપ છે રે. જાળવી મુકો વહેતા. વિષય૦ ૩
અહંકારની, અદલ ઉપાધી છે એવી સંસાર કારણથી દુર;
એવો દેહીત છે, આત્મા અલૌકીક, સુખે રહે સદા તે સુર;
નિર્મળ એને, સૌ વદે છેરે, વેદ વાણી કહેતા. વિષય૦ ૪
એ બંનેમાં, અંતર આત્મા છે જુદો, જાણવાવાળાનેરે જુવો;
કશા થકી એ, લોપાય નહી તેથી, ખરા થઈને નવ ખુવો;
સચરાચર છે વ્યાપીરે, નથી જુદો રહેતા, વિષય૦ ૫
જડની શુદ્ધિ, થાયે નહી કદી એથી, આત્મા સદા શુદ્ધ રાખે;
તેમા તર્ક, જુદો નહી બને એવો, એમ શાસ્ત્ર સૌ ભાખે;
માટે તરંગ મુકોરે, ઇષ્ટમાં સદા વહેતા, વિષય૦ ૬
એવા પરમાત્માને, પાયે નમી રોજે, કરો સદા સુખ કામ;
હામ રાખો સૌ, હરિમાં હેતેથી, તે વિના ઠાલો નથી ઠામ;
ત્રિકમ તદાકાર વૃતિથીરે, કલ્યાણ કરશે સહેતા, વિષય૦ ૭

અરજુન કહે છે—

૪૯—મનહર છંદ.

તત્વમસિ મહાવાક્ય, સર્વજ્ઞ વિચારદ્વારા;
અશર તે સાક્ષિરૂપ, પરિપુર્ણ જાણવો.

હું બ્રહ્મ છું એ ઠરાવી, પ્રતિબિંબ વાલો જે તે;
આત્મા જીવ બ્રહ્મરૂપ, થતા કેમ આણવો.

પરમાત્મા તથા જીવ, એ બંનેને એક રૂપ;
જાણવાનો બીજો ભેદ, કેમ તે વખાણવો.

એ તમામ ત્રિકમને, વાત કહ્યો વિવેકથી;
ધ્યાન પ્રભુ હેત ધરી, મોજ રોજ માણવો. ૧

શ્રી કૃષ્ણચંદ્ર કહે છે—

૫૦—ગાયન.

(ઓખા કહે છે સુણ સાહેલી, લાવ નાથને વ્હેલી વ્હેલી–એ રાગ)

વદુ વિવેકે વેદ વાણી, ઉરમાં જુવો તે મન આણી;
ખરી નથી જરાયે ખામી, પ્રેમે કરો એને પરમાણી. વદુ૦ ૧.

ભરો ગંગામાં ઘડો ભાવે, જુવો રાખો સદા એ દાવે;
ભેદ પાડે ભલો તે ભાવે, એવું અંતર મનમાં આવે. વદુ૦ ૨.

ઘી દુધ પ્રવાહીના બેદો, ભેદુ બતાવે જોઈ ભેદો;
એક થયે વળે બહુ શેદો, ખરે ટળે ભ્રાંતિના ખેદો. વદુ૦ ૩.

ગયે અવિદ્યા ઉપાધિ ઉમંગે, જીવાત્મા પરમાત્મા સંગે;
એકરૂપ બને એક અંગે, રહે સદા તે પોતે રંગે. વદુ૦ ૪.

તત્વજ્ઞાન અધિકારી વેષે, શાંત થાય ગુરૂ ઉપદેષે;
તત્વમસિ વાકય તે તો રહેશે, વહે મવારૂપ પ્રણવ પ્રવેશે. વદુ૦ ૫.

જીવ પરમાત્મા છે એકરૂપે, ઉપનીષદનો લો બોધ સ્વરૂપે;
જ્યોતિર્મય ચિદારૂપ ન છુપે, સ્વયમપ્રકાશ થશે અનુપે. વદુ૦ ૬

અરજુન કહે છે—

૫૧—દોહરો.

જ્ઞેય બ્રહ્મ વિચાર છે, મળે ગુરૂ ઉપદેશ;
એવા વિચારો દૃઢ થયે, મુક્ત થઈ બદલે વેશ. ૧

પછી પ્રયોજન શું કહો, યોગાભ્યાસનું જેહ;
બતલાવો બાકી નથી, તણુના તારણુ તેહ. ૨

કૃષ્ણ કહે છે—

૫૨—ગાયન.

નિત્ય અનિત્ય વસ્તુ એક, તત્વજ્ઞાન વિવેકી અનેક;
શરિર શુદ્ધ કરોને છેક, મન-શુદ્ધ-કરી. ૧
નિશ્ચય આત્મા બુદ્ધિ જેહ, બ્રહ્મજ્ઞાન રૂપિ અગ્નિ તેહ;
કર્મ બંધન બોલે એહ, એવું-દિલ-ધરી. ૨
જ્ઞાનાગ્નિ કર્મો બાળે, તાહા શુદ્ધિ કર્મો કરે કાળે;
ઊપાધિ રહીત જો ભાસે, માયા-કરી-પરી. ૩
નિર્મળ જળના જેવો ઇશ, આકાશ અદ્વૈતની જો બિસ;
સંગ રહિત પર્માત્મા દિશ, જુવો-ફરી-ફરી. ૪
ઊપાધિ થકી છે રહીત, આત્મ તત્વ જ્ઞાનમાં નિત્ય;
છુટે આવાના કર્મો પ્રિત, વાત-વદુ-ખરી. ૫

૫૩—ગરબી.

(સૈયર શું કરૂંરે મારે નંદકુંવર શું નેહ.-એ રાગ.)

આકાશે જુવોરે, સુક્ષ્મ રૂપનો લેઈ સાર;
આત્મા તે થકીરે, વધુ ગુણમાં આવે પાર— ૧

સુંદર શરિરવાળોરે, જેની ઇંદ્રિયો છે સારી;
વાયુની પેઠે રે, અદ્રશ્ય ઇંદ્રિ જુવો ભારી. ૨
એમ જીવાત્મારે, અદ્રશ્ય લેજો તમે તાકી;
તદ રૂપે થતારે, ત્રિકમ નહી રહે બાકી. ૩

૫૪—ગરબી.

(સીખ સાસુજી દે છે રે, વહુજી રહેજો ઢંગે—એ રાગ)

વસ્તુ માત્ર માંહિરે, માહાકાશ વ્યાપી રહ્યું;
વસ્તુ ક્ષય થયેરે, મહાકાશે તે તો વહ્યું. ૧
આત્મબોધી કેરૂંરે, મૃત્યુ ગમે ત્યાંહાં થયે;
બ્રહ્મા તે મળેરે, લય કાળ ગમે ત્યાંહાં ગયે. ૨
એ કારણ થકીરે, તત્વજ્ઞાન કયાં ટળે;
દેશ કાળ આદિનોરે, બાદ નથી એનો પળે. ૩
નાના પ્રકારથીરે, ગતિ જીવની છે ઘણી;
સર્વવ્યાપી સુધ બનીરે, જુદી રીતે થાય ગતી. ૪
સરિરમાં વ્યાપી ખાસરે, ચૈતન અથવા જીવ છે;
અવસ્થા ત્રણ રૂપનીરે, ગણતા તે શીવ રૂપે છે. ૫
જાગ્રત સ્વપ્ન દિસેરે, સૂસૂપ્તિ જુવો તમે સારી;
અવસ્થા કેરા કારણેરે, વ્રતિ કરે વેગી ખારી. ૬
સર્વત્ર અગામી તણીરે, ગોચર રૂપે તેને દેખો;
ત્રિકમ એહ ઇપરે, તેતેઃ ભાવિની છે રેખો. ૭

પ્રકરણ ૨ જું.

અથ યોગપ્રકરણ પ્રારંભ.

૧—દ્રષ્ટિ સમાધાન.

દોહરો.

સુદ્ધ જ્ઞાનને સાધવા, સદા સંયમી સંત;
અગ્ર [1]નાશિકા ઉપરે, અડ્ગ દ્રષ્ટિ દે અંત. ૧
ક્ષણુ પાખે યોગી કહ્યા, થાય પાતકો નાશ;
પાસ પાપ આવે નહી, ખસે નવ જ્ઞાની ખાસ. ૨
ભસ્મ કરે પાપ ભાવથી, જન્મ સોના જરૂર:
બાળે તપસ્યાથી અરે, જેમ સવિતામાં પુર. ૩
સૈયમ સદાએ સાધવા, ચલાય કરો ન ચીત;
તત્વજ્ઞાન રહે તંનમાં, રમણ્ય ત્રિકમ એ રીત. ૪

---

૧ દ્રષ્ટિ જમાવવી—ધ્યાની પુરૂષો પોતાની નાશિકાના અગ્ર-ભાગ ઉપર પોતાની દ્રષ્ટિ જમાવે તો તે ક્ષણુ દ્રષ્ટિ જમાવવાથી તમામ પાપ નાશ થાય છે, તેથી વધારે દ્રષ્ટિ જમાવવાથી સો જન્મનાં પાતક નાશ પામે છે.

૨—¹નાડિચક્ર સંબંધી.

રાગ કાફી.

નાડિચક્ર નિહાળોરે, નિયમે મરૂત નાખી;
અજબ ખેલ એનોરે, ભલા ગયા ભુપ ભાખી.—ટેક. નાડી.
પિંગલા પસરે, દક્ષિણ પક્ષે જ્યારે, પુન્ય કર્મનો લે પાર;
સૂર્યમંડળને, સાધે સદૈવ તે તો, ધમકે ચલાવે એક વાર.
ત્રિવેશ (દેવ) જનારીરે, સીધ છે એના સાખી. નાડી૦ ૧

---

૧ નાડિચક્ર વિશે— સ્વાસની ગતીનો રોધ કરી રોકવાથી તેને પ્રાણાયમ કહે છે. પ્રાણાયમ બે પ્રકારના છે સગર્ભ અને અગર્ભ. પ્રાણવાયુ ત્રણ પ્રકારે રોકવામાં આવે છે તેને પુરક, રેચક અને કુંભક કહે છે. પ્રાણવાહની નાડીઓને ખેંચિ શરીરમાં પુરવો તેને પુરક કહેવાય છે અને બહાર પવન કાઢવો તે રેચક તેમજ બંને નાડીઓને રોકી પવન બહાર જવા ન દેવો તે, કુંભક કહેવાય છે. નાડીમાંથી પવન ચલાયમાન થાય, તો ચિત ચલાયમાન થાય છે. ને સ્થીર રહે તો ચિત સ્થીર રહે છે. ચિત સ્થિર કરવાથી પુરૂષ દિર્ઘકાળ જીવે છે. નાડીમાં મળ હોય તો વાયુ શુષુમણામાં પ્રવેશ કરી શકતો નથી. એવી નાડી આ દેહમાં દશ છે તેને પ્રાણવાહની નાડી કહે છે તે દશ આ દેહમાં સર્વ નાડીઓથી મુખ્ય છે. ઈંડા, પિંગળા, અને શુષુમણા, ગાંધારી, હસ્તીજીવવા પૂષા; યશસ્વિની, અલંબુસા કુહુ અને સંખીની આમાં ત્રણ નાડી મુખ્ય છે. ઈંડા, પિંગળા ને શુષુમણા આ નાડી સંબંધી વિવેચન કરતાં ઘણું લખાણ થાય માટે લખતો નથી.

ઈંગલા પિંગુ, માર્ગે પહોચે મોજે, પ્રેમે બતાવે પ્યાર;
ધમકારે તેતો, ધીમે ધીમે ચાલી, ધમણી ચલવે એકધાર;
ચંદ્રમંડળ ચલાવેરે, ચતુરા ચિત્તે રાખી. નાડી૦ ૨
ગુદા પાસેથી, મુલાધાર ચક્રે થઈ, મસ્તક પરિયંત મેરૂદંડ;
છિદ્રે છિદ્રે, શુષુમણા છમકે, બહોળે વિસ્તારે બ્રહ્માન્ડ;
બ્રહ્મ પ્રાપ્તિ કરાવેરે, નાડી તેને ધાવે નાંખી. નાડી૦ ૩
ઈંડા પિંગળા, વચે, શુષુમણા ચાલે, સદૈવ સૂક્ષ્મ સ્વરૂપ;
સર્વવ્યાપી, વિષ્નુમુખી જે છે, સર્વાત્મક જોતિરૂપ;
બ્રહ્મમાં તે સમાયેરે, જુવો કેમ પડે જાંખી. નાડી૦ ૪

૩—*શૂષૂમણા દેશ વિષે.

રાગ કાફી.

શુષૂમણા જેણે સાધીરે, સૈયમે થાય ગતિ સીધી;
ગહન મારગ છે ગેબીરે, વસે મધ્ય નાડી વિંધી. શૂષૂ૦ ટેક.
સૂર્ય ચંદ્રને, પ્રકાશ આપે અગ્ની, ગુરૂ શિખે જુવો ઇશ;
જેનાં કાર્યો, અદભુત જોતાંજોતાં, મારે નહી જરા મીશ;
અભયાનંદ આધારેરે, સતગતિ સાધે સીધી. શૂષૂ૦ ૧

---

* શૂષૂમણા નાડિ—પ્રથમ ઇડા, પિગળા અને શૂષૂમણા વિશે કહેવામાં આવ્યું છે, પરંતુ હવે તે સંબંધમાં વાયુ રોકવા વિશે અને નાડી સંબંધી કહ્યું છે.

૧ પ્રાણ—મુખ્ય પ્રાણ પાંચ છે. પ્રાણ અપાન, વ્યાન ઉદાન અને સમાન છે.

પાંચે ભુતો મળે, પુર્ણ ચ્યાર થકી, ચૌદભુવન કહે સત્ય;
દસે દિશાએ, દેખો દિલ ધરી, વનારસી આદિ અગત્ય;
ધર્મક્ષેત્ર ધારોરે, ચતુર નર લેશે ચિંધી. શૂષૂ૦ ૨
સાત સમુદ્રને, મેરૂ આદિ સ્થળે, પર્વત જે છે પુર્ણ રૂપ ;
જંબુ આદિ, સાત દ્વિપો બોધતા, સોભા આપે અનુપ;
ગંગા સપ્તમીની લેહેરીરે, ગર્જના જાય ગગન વિંધી; શૂષૂ૦ ૩
ચારે વેદને, ખટશાસ્ત્રો ભણેલા, કકારાદિ ચોવીશ વર્ણ;
અઢાર પુરાણોની, વિદ્યા સાધનારાઓ, સોળ સ્વર કરે જે સર્ણ;
ગુણી ગાયત્રિ ગેબીરે, જે ભણેથી મળે નીધી. શૂષૂ૦ ૪

---

૨ ઉપપ્રાણ—પાંચ છે. નાગ, કુર, કુકલ, દેવદત અને ધનંજય.

૩ તે પ્રાણના સ્થાન કહું છું—પ્રાણ હૃદયમાં, અપાન ગુદઃસ્થાનમાં, વ્યાન સર્વ શરીરમાં, ઉદાન કંઠમાં અને સમાન નાભિસ્થાનમાં રહે છે.

૪ પ્રાણુકર્મ—નાગથી ઉદગાર (ઓડકાર) કુર્મથી આંખ મીચવી ઉધાડી કુકળથી છીક આવવી હોય દનથી બગાસાને ધનંજયથી મરેલા શરીરનું ફુલવું એ કર્મો થાય છે,

૫ દેવતા—જે નાડી પ્રાણ સંચય કરે છે-ઈડાનો દેવતા ચંદ્ર છે. પિંગળાનો દેવતા શૂર્ય છે અને શૂષમણા તેનો દેવતા અગ્ની છે.

૬ ચિતના બે બીજ છે—વાસના અને પ્રાણવાયુ-ચિત અને પ્રાણ એ બેમાંથી એકનો નિરોધ થયે બીજાનો નિરોધ થાય છે.

ત્રણ ગુણ સંગે, મહાદાદી દેખો, [illegible] જીવ જેહ;
પાંચ વાયુ પ્રત્યે, પ્રાણાદિક તત્વ[illegible] [illegible]ક્ત છે તેહ;
વસે મધ્યદેશેરે, શુષુમણા સી[illegible] શૂષૂ૦ ૫
ઈશ દરશન, કરવા જે ઇચ્છે. [illegible] જે અંગ;
સમરણ વસ્તુ, રમે રમાડે કોડે, [illegible] જોઇ રંગ;
ત્રિકમ ખસે શૂષૂમણાથીરે, ચોનારી ઝડપી લીધી. શૂષૂ૦ ૬

માટે ચિત ચલાયમાન નહી કરનારને પ્રાણાયમ તુરત સીદ્ધ થાય છે અને તેથી તે તરે છે.

૭ શૂષૂમણા સાધનારે પ્રથમ પુરક રેચક અને કુંભકયોગ નિયમ પ્રમાણે કરી પ્રાણાયમ પ્રણવ મંત્રથી કરવા તે કરવાથી ચિત અને પ્રાણની એકતા કરવા સારૂ પ્રાણાયમની જરૂર છે. જેમ સારસ પક્ષીનું જોડું છે, તેમ પ્રાણ અને ચિતનું જોડું છે. બેમાંથી એક ચલાયમાન થાય તો કાર્ય સીધ થતું નથી. આ બંનેની એકતા થવાથી તમામ પ્રાણવાહની નાડીઓ બંધ પડી જઇ ફક્ત શૂષૂમણા નાડિ પ્રાણ સંગાતે સંયમ રાખે છે. આ સંયમની એકતાથી કરીને તમામ મળ દુર થાય છે. જ્યારે મળ દુર થયો કે તુરત ઇંડા અને પિંગળા બનેની એકધાર શૂષૂમણા ચાલે છે. તે નાડી લાંબા અભ્યાસથી છ ચક્ર ભેદી મેરૂદંડ જેને બ્રહ્માન્ડ કહે છે. ત્યહાં તે વાયુના પ્રવેશથી ગતી કરી જાય છે. ત્યાંહાં તે યોગી સવિકલ્પમાંથી નીકળી નિર્વિકલ્પમાં પોતાનું ચિત સ્થીત કરે છે કે તુરત તેને પરમાનંદનો અનુભવ થઇ આનંદ આપે છે. તે કારણથી યોગીપુરૂષોને શૂષૂમણા સાધવામાં અત્યંત મેહેનત પડે છે.

૪—રાગ કાફી પદ.

પ્રાણ પુર્ણ પ્રકાશેરે, નાડી જે નરો ધરે;
ઉત્પત્તિ સ્થાન ઠરેરે, કોઇ ભવસાગર તરે. પ્રાણ૦ (ટેક)
વૃક્ષ ઉપરના, ટોચને છેડે, બ્રહ્મ સ્થાન છે મુળ;
સૂત્ર જુદા એની, વચલી શાખાએ, હિરણ્ય ગર્ભ આદિ તુલ્ય;
પ્રાણવાયુ દ્વારા એરે, સર્વવ્યાપી રહે ખરે. પ્રાણ૦ ૧
વાયુ અનુકુળ, વેગે વાય બહોળો, બહોતેર હજારની માંય;
કર્મરૂપી વૃત્તિ, છિદ્રોમાર્ગે જતા, મરૂત પુર્ણ ત્યાં વાય;
ગતિ આપે ગગનથીરે, નાડિચક્ર નવ ફરે. પ્રાણ૦ ૨
અર્ધ ભાગને, ઉપલે ટોચે, બહોતેર હજાર છે નાડ;
સૂક્ષ્મ તથા, શુપ્રસન્ન તેમાં, બીજી નાડિની તેને આડ;
આડ ત્રોડી લય, કરવાનેરે, પ્રાણાયમ અભ્યાસ કરે. પ્રાણ૦ ૩
નવે દ્વારો, દેહના રોકી પોતે, જીવને લે શૂષૂમણા દ્વાર;
ત્રિકમ વાયુનો, નાશ કરી નિયમે, ચલાવે ચતુર એકધાર;
બ્રહ્મ પરોક્ષ જ્ઞાનીરે, મોક્ષને પામે ધીરે. પ્રાણ૦ ૪

૫—[1]શૂષૂમણા દેશ વિષે.

દોહરો.

શૂષુમણાની પુરે જુવો, નાશિકા અગ્ર ભાગ;
ઇંદ્રલોક તેને કહ્યા, લક્ષમાં તે લઇ લાગ. ૧

---

૧ શૂષૂમણુ દેશ—આ દેશને સ્થુળ અંતે વૈરાટ એ એનો મુખ્યસો બતાવવામાં આવ્યો છે. આ દેહમાં નાડીઓ તથા શરીરના ભાગોમાં કયે ઠેકાણે વૈરાટના દેવો વસે છે, ક્યા લોક છે, તથા નર્ક કોને કહે છે, ત્યાંહાં કોણ વસે છે, તે બતાવવામાં આવ્યું છે.

તે જે વૃતિ પૂર તાકજો, દક્ષિણ કેરે દીશ;
અગ્નિ લોક ધરી અકલે, સમર સદા એ ઈશ. ૨

જમણે કાને સયમની, યમ લોક કહેવાય;
તે પાસે નૈરૂત્ય જે, લોક નામ લેવાય. ૩

વળિ પશ્ચિમે વરૂણની, પુરીનું જો પુર;
ડાબે ગંધાવતિ દેખતા. વાયુલોકથી દુર. ૪

વામદેવ કંઠે વસે, પુષ્પવતિ સોમ લોક;
કુબેર સંબંધી કહે, સદૈવ ટાળે લોક. ૫
ડાબે નેત્રે શિવપુજા, મસ્તક બ્રહ્મપુરી જાણ;
બ્રહ્મલોકથી બોળશે, આશ્રય જગતને આણ. ૬

૬–પ્રલયકાળમાં શિવ સ્થાન.

રાગ વેરાવળ.

(કોણ સમાના એ કામની–એ રાગ)

[૨]કાળા અગ્નિ રૂપ શિવને પ્રલયકાળ જેવા દેખો;
સ્થાન જેના કહ્યું આ સમે દિલ રાખી સો દેખો. કાલા૦ ૧

૨ કાળગ્ની—પ્રલય વિશે–કલ્પને અંતે એટલે પ્રલયકાળમાં આકાશાદિક સર્વ ભુતો તેઓના કારણરૂપ જે મારી ત્રણ ગુણોવાળી પ્રકૃતિ તેમાં સુક્ષ્મરૂપે લય ભાવ પામે છે. સૃષ્ટિ કાળમાં હું પુનઃ અભિન્ન જેવો થઈ ગયેલો તેઓને ભિન્ન ભિન્ન કરીને ઉદ્‌ભવે છે. તે શિવરૂપ આ દેહ સાત પાતાળ સાથે મેળવવામાં આવે છે તે પાતાળ સાત કેડ ઉપર અને સાત નાભિના નિચે છે તે નામોમાં વર્ણવેલા છે જે દેહની નીચેના ભાગ છે તે ઘોરનરક છે. કારણ ઉપરના ભાગમાં દેવલોક વસે છે અને નિચેના ભાગમાં જીવાત્મા પાપી લોકો વસે છે. તે ઉપરથી ઘોરનરક અને લોકવર્ણ બનાવ્યું છે.

પગ તળિયે સ્થાન શિવનું, આદિ મધ્ય અંત તેને;
શરિર શક્તિમાં સંચરે, કહું મંગળ રૂપ એને. કાળા૦ ૨
પગ પાની નિચલા ભાગને, અતલ કહે સૌ યોગી;
વિતળ પાતાળને વદે, દેહ નથીરે વિયોગી. કાળા૦ ૩
નિતળ ઘુંટીએ નિરખો ખરી નથી કાંઇરે ખામી;
સુતળ ઘુટણ નળા સુધી, દેખો નથી એની હામી. કાળા૦ ૪
મહાતળ જાહાગો માનજો, સાથળ રસાતળ શોભા;
કેડ તળાતલ જુવો કોડે, લક્ષ લે તારે લોભા. કાળા૦ ૫
એ રચના આ શરિરની, પાતાળ પરિચત આવું;
મુકાબલો કરી માનજો, ત્રિકમ ચતુર શું ચાવું. કાળા૦ ૬

૭—ઘોર નર્ક વિષે,

મનહર છંદ.

ઘોર નર્ક છે ગહન, કાળાગ્નિ જેવું જે કહ્યો;
હૃદય સ્થાનરૂપ સદા, તે પાતાળ માનજો.
નાભિ ભાગ થકી નિચે, આવેલી અલોકીકતા:
ઓળખાય એથી એતો જરૂર તે જાણજો.
જીવ સગનાવાળો સર્પ, કુંડળી આકારે કેવો;
શરિરમાં વ્યાપ્ત સુજે, આનંદને આણજો.
નાભિ ભૂરઃ કાખ ભૂવા હૃદય સૂર્ય તારા સ્વર્ગ;
વિલક્ષણ લોક વસે ત્રિકમ એ માનજો. ૧

૮—લોકવર્ણન વિષે.

મનહર છંદ.

સૂર્યલોક ચંદ્રલોક, બુદ્ધલોક સૂદ્રલોક;
કુંજલોક મન્દલોક, સદા સુખકાર છે.
નક્ષત્ર એ સાતલોક, સતગતિ સારક જે;
સંસારનું સુખ દુખ, દેવમાં તે સાર છે.
વળિ ધ્રુવ કેરી ઇચ્છા, સદૈવ સુખાકારીને;
દેખાય છે દિલમાંહે, જેનો જે આધાર છે.
કલ્પના ત્રિકમ કરે, શાંતિ શાંતિ શાંતિ મળે;
ભાવી પાપ ભેદે ભાત, જુવો કેવો પાર છે. ૧

યોગીલોક કેરા અંગે, લોક કેવા વસેલા છે;
તે તમામ બતાવું તો, જાણો તેને જાળવી.
મરલોક હૃદય માટે, કંઠ માટે જન લોક;
ભ્રકુટીમાં સુદ્રલોક, પ્રિત જેની પાળવી.
મસ્તકમાં મોજ કરે, સત્યલોક સીધી રીતે;
સૂર્ય ચંદ્ર લોક ચક્ષુ, ચિત રાખે ચાળવી.
ત્રિકમ એ તારકથી, યોગીલોક પ્રસીદ્ધ છે;
નક્ષત્ર ધ્રુવ કેરી જે, ભક્તિ ભલી ભાળવી. ૨

૯—લય યોગ વિષે. પદ.

(મહા પદ કેરી વાત, જે કોઇ જાણેરે—એ રાગ)

કરૂં બ્રહ્માન્ડ કેરી વાત, શાંભળ શાણુારે;
જન્મમરણુનાં જાએ પાપ, મદ તજ રાણુારે. કરૂં બ્રહ્મા૦ ૧
બ્રહ્માન્ડ રૂપી ધરા બોલ, જેનો લય જળમાંરે;
જળ અગ્નિ લીન જણાય, વાયુ લિન પળમાંરે. કરૂં બ્રહ્મા૦ ૨
વાયુ આકાશે થયો લિન, આકાશ છે મનમાંરે;
મન બુદ્ધિનો મેળવે મેળ, બુદ્ધિ અહંકારેરે. કરૂં બ્રહ્મા૦ ૩
અહંકાર મળેરે ચિત, ચિત પરબ્રહ્મામાંરે;
એમ એકબીજામાં લિન, ચઢે છે દમમાંરે. કરૂં બ્રહ્મા૦ ૪
યોગદ્વારા કેરી રીત, બ્રહ્માને જાણોરે;
કરોડ કલ્પના ટાળી તાપ, એવું ચિત્ત આણોરે. કરૂં બ્રહ્મા૦ ૫
એ રીતે ઇશનું ધ્યાન, જે નર ધરશેરે;
તેનાં કોટીજન્મનાં પાપ, ત્રિકમ બળિ તરશેરે. કરૂં બ્રહ્મા૦ ૬

૧૦—મનહર છંદ.

રહેલું આકાશ ઘડે, રહે ઘડો ત્યાંહાં સુધી;
નાશ પામી ટળિ જશે, આપ કેરા જોરથી.
ટળેલું આકાશ જેને, મહાકાશ કેરી સંગે;
મળી જાયે જોતાં જોતાં, ઠરે કેવા ઠોરથી.

એજ રીતે લિન થતા, નવો દેહ પડવાથી;
ચાલી ત્યાંથી નિકળશે, અભિમાની તોરથી.
ત્રિકમ પછિ તેહને, સહેલાઇથી તે મળે;
પરમાત્મા માટે પ્રેમ મળે એક જોરથી. ૨

૧૧—દોહરો.

ઘટનો લય આકાશથી, જીવપર આત્મા જોય;
તેને નિસંગ બ્રહ્મ ભણો, પ્રકાશાત્મક સોય.
એ પ્રાપ્તિ પાર્થિવ સુણી, સંશય મુકી દૂર;
સાગર વેલ ત્રિકમ ચઢે, જ્ઞાન મેળવે પૂર. ૨

૧૨ શુષુમણામાં કોણ રહે છે. પદ.

(જે કોઇ પ્રેમી અંશ અવતરે, પ્રેમરસ તેના ઉરમાં ઠરે—એ રાગ)
જે કોઇ સાર વસ્તુ સાધે, તેને કશો ન આવે વાંધો;
શાંતિ આવતાં ભ્રાંતિ ભાગો, શામ સ્વરૂપને સાધો. જે૦ ૧
એક પગે ઉભા રહે ચારો, કરે તપ વર્ષ હજારો;
પાપળ ધ્યાન ફળ જેવું ન પામે, વિરજથી મન ધારો. જે૦ ૨
ચાર વેદધર્મ શાસ્ત્ર ચોપે, ચપળ થઇ રાખે ચિતે;
વિના પ્રભુનું ધ્યાન કરે, જેમ ગધો ચંદન સિંચે. જે૦ ૩
ભજંગ પાળિ દુધ પાય ભાવે, ભણે પાઠી રૂડા પાઠો;
અર્થ જાણ્યા વિના વ્યર્થ ભણે જે, ગુણવાન કરશે ગાંઠો. જે૦ ૪

ક્રોડ વર્ષ વનખંડીમાં રહે, વચવાળા પુષ્ટ વાસો;
મહિમાસાગરનો પાસ ન બેસે, વેદ બતલાવે ભલા ભાસો. જે૦ ૫
અલ્પઆયુસ અલ્પબુદ્ધિ, વિઘ્ન વિનાના જે વેદી;
દુધ પાણી જુદા કરે ચારો, ભલા હંસ જુવો ભેદી. જે૦ ૬
માયાથી કાયા મોજ માણે માયામાં કાયા સમાયે;
ત્રિકમ અંતર ભેદો ત્રોડે, એકતાથી રઘુરાયે. જે૦ ૭

૧૩–કર્મ કરવા વિષે.

દોહરો.

જ્ઞાન ભાગ મળ્યા વિના, કહો નહી વિદ્વાન;
૧ભક્તિવાળા બહુ ભમે, ભેદ લેવાને જ્ઞાન. ૧

---

૧ ભકિત—મુખ્ય નવ પ્રકારની ભકિત છે. ૧ શ્રવણ, ૨ કિર્તન, ૩ સ્મરણ, ૪ પાદશેવા, ૫ અર્ચન, ૬ વંદન, ૭ દાસત્વ, ૯ સખ્યત્વ, અને ૧૦ આત્મનિવેદન એ પદ નવ છે.

અને નવધાભકિતમાં ત્રણ ગુણોએ કરી ત્રણ ત્રણ ભાગ થતા એકાશી પ્રકાર ભકિતના ગણવામાં આવ્યા છે.

ઉદાર વૃતિવાળા, ઇંદ્રિયોનું દમન કરનાર બુદ્ધિવાન, સ્વધર્મને વિષે સ્થિર બુદ્ધિવાળા, ધીરજવાન, યશસ્વી, પરોપકારી, આસ્તિક, એકાંતમાં રહેનાર, સંતોષી, વિનયવાળા, કોમળ, સ્વભાવવાળા, ચતુરાઈવાળા, સર્વ પ્રાણીને વિષે દ્વેષશૂન્ય, મમતારહિત, નિરહંકારી સુખ દુખમાં સમાન વૃતિવાળા, ક્ષમાવાન, અપેક્ષારહીત, આળસરહીત, ઉદાસીન અને સ્થિરમતી એ સાત્વિક વૃતિવાળાને દેવભકિત કહે છે.

સંસારનું સુખ ભોગવવાની રાહવાળા, દ્રવ્યાભિલાષિ, યશેચ્છુ

ભેદ ઉપજે ભેદથી, ભેદ ભેદ છે સંગ;
એ તજવે સુખો મળે, રંક મેળારે રંગ. ૨

વેદ ચારે જાણે વળી, રાખે બહુ સંશય,
જ્ઞાનવાન નવ ગણશો, જરૂર કેમ થશે જય. ૩

માટે મિત્રો મોજથી, ક્રમથી કરજો કાજ;
નરમ પડતા નિયમમાં, નકી થશો નારાજ. ૪

કર્મ તપ યાત્રા જ્ઞાનને, સૌચ યજ્ઞ સૌ વાત;
કરવા પડશે મનુષ્યને, ક્રમે ક્રમે તે જાત. ૫

વળી અહાર નિંદ્રા ભયો, મનુષ્યમાં છે મોજ;
પુર્ણ જ્ઞાન એ પશુમાં, ખાસ વધારે ખોજ. ૬

તત્વજ્ઞાન શુભ તાકતા, હોય નત્ર મનુષ્ય માંય;
શુદ્ધ પશુ તે સમજવો, કર્મ તણો ફેર કાય. ૭

અભીમાની, શત્રુ મિત્રને દ્રઢ ભેદ રાખનાર, તૃષ્ણાવાન, વિશેષ હાસ્ય કરનાર, પરમારથ વિષયનો અનાદર કરનાર સંસારી સુખ સારૂ નાના પ્રકારના કર્મોનો આરંભ કરનાર કઠોર હૃદયવાળાઓ રજોગુણી દેવતાઓની ભક્તિ કરે છે.

હિંસા કરનાર, લોભી, ક્રોધી, ગરીબ ને વગરવાંકે દુખ દેનાર, અસત્ય બોલનાર, કલેશ કરનાર, શોક કરનાર, બીકણુ, નિદ્રાસીલ, આળસુ, કૃત્યાકૃત્યની સમજ વગરના, પારકો દ્રોહ કરનારા શંશયી, પ્રમાદી અને દીર્ઘ સુત્રીએ તમોગુણી ભુતપ્રેતની ભકતી કરે છે.

ઘણા વર્ણની ગાયમાં, દેખશો એક દુધ;
એક આત્મા છે અવનિમાં, સદૈવ જાણો સુધ. ૮
જેમાં તત્વનું જ્ઞાન છે, અદલ ન અજ્ઞાન અંશ;
તેને મનુષ્ય સમજવો, ત્રિકમ છુટશે ડંસ. ૯

૧૪—*કર્મફળ વિષે.

(હરિ ભજન થકી છોટા હોય તે સૌથી મોટા થાશે—એ રાગ)
અલ્પજ્ઞાની, તત્વજ્ઞાન મુકી અવળો રસ્તો તાકીઓ;
મનુષ્ય દેહ મુકી, પશુપણાને પુર્ણપણે તું પામીઓ—ટેક.
મળમુત્ર ત્યાગ મનુષ્ય કરે, ધિર વિર આતસકાગ ધરે;
ફેકદંડ થઇ તેતો રે ફરે. અલ્પજ્ઞાની૦ ૧
તૃષ્ણા ક્ષુધા મધ્યાને તાકે, ત્રસ થતામાં ભાઇ તું થાકે;
ભોજન ભાવ પછી નવ ભાખે. અલ્પજ્ઞાની૦ ૨
પુર્ણ પુષ્ટિ આપે ખોરાક લેરી, કામાગ્નિ ઘણો થાયે વેરી;
ઘણો ઊંઘે સયને આંખ ઘેરી. અલ્પજ્ઞાની૦ ૩
તત્વ તજેલને તમો તાકો, તે મનુષ્ય નહી બળદ પાકો;
ત્રીકમ અવનિમાં જેમ ફરે રાંકો. અલ્પજ્ઞાની૦ ૪

---

*કર્મફળ—સત્વ, રજ, અને તમ એ ત્રણે ગુણોના ફળ જેવા કર્મ ૧૩ મી કળામાં બતાવ્યા છે. તે પ્રમાણે તેના ફળના તે મનુષ્યો અધીકારી થાય છે. આ ત્રણે ગુણમાં સાતવીક ગુણવાળા યોગ વીધીપુર્વક કાર્ય કરવાથી પરમગતીને પામે છે, તૃશા, ક્ષુધા આદી વસ્તુઓ (કર્મ) નો ત્યાગ કરવાથી તે અધમગતીને પામતા નથી. પરંતુ તેઓ કર્મફળ કર્મ પ્રમાણે ભોગવે છે.

૧૫—પદ બીજું ઉપર પ્રમાણે.

આનંદી જીવ, આ સંસાર તરવાના કારણ આપું છું;
દિલમાં ધરજે, કર્મ સદા સુખ લેવાના પાપ કાપું છું—ટેક.
+નાદ બિંદુ જે નર નિરખશે, હરદમ લય કરી હરખશે;
પ્રેમ ધરી પદાર્થ પરખશે. આણંદી જીવ૦ ૧

+નાદબિંદુ—સત્વ, રજ અને તમ એ ત્રણું ગુણમાંથી સત્વગુણવાળા પુરૂષ હમેશાં પોતે સમાધી લક્ષમાં (યોગમાં) પોતાનો પ્રયાસ કરવામાં તેમને પ્રથમ નાદ અનુસંધાન થાય છે. આ નાદ દશ પ્રકારના છે તેઓને તેથી શું થાય છે તે બતાવું છું. નાદ એ યોગનું પ્રથમ પગલું છે.

૧ ચીણી—આ નાદ સાંભળતાં અંગમાં ચીચીણી શબ્દ થાય છે.
૨ ચીચીણી આ નાદ સાંભળવાથી શરીરના અંદરરવાની પેઠે થાય છે.
૩ ઘંટ- „ ચીતમાં ખીનતા થાય છે.
૪ શંખ- „ શીર કંપે છે.
૫ તંત્રી- „ તાળુ ચુવે છે.
૬ તાલ- „ અમૃતનું પાન થાય છે.
૭ વાંસળી અગર વેણુ જેવો- „ ગુહ્યપદારથનું જ્ઞાન થય છે.
૮ મૃદંગ જેવો-„ પરાવાચાની પ્રાપ્તિ થાય છે.
૯ ભેર- „ નીરમળ દીવ્યદ્રષ્ટી તથા અંતર્ધાનની શકતી થાય છે.
૧૦ મેઘનાદ- „ બ્રહ્માત્માની એકીધી યતા પરબ્રહ્મરૂપ થાય છે.

એ પ્રમાણે નાદ, અનુસંધાન બીંદુ સાથે રાખવાથી પરબ્રહ્મ-

કરોડ જીવમાં જે નહી ભરમાશે, સ્વયંપ્રકાશથી નહી ડર ખાશે;
પરબ્રહ્મ નિરંજન પરખાશે. આણંદી જીવ૦ ૨
અહંકાર તજે જુસ્સે એવા, તારૂં મારૂં તજે હુંપદે તેવા;
બંધ છુટી મોક્ષ ભળે કેવા. આણંદી જીવ૦ ૩
અહંકાર તજે દ્વૈત રહેતું નથી, કુડાં કર્મ તજવાનું જણાવો કથી;
મન મંદ થતાં મોક્ષ મળે મથી. આણંદી જીવ૦ ૪
ત્રિકમ મથન કરેથી પદ મળે, તન તાકાત લક્ષ્મિ નવ ટળે;
ભજતાં નર ભાવિ મારે ભળે. આણંદી જીવ૦ ૪

રૂપ થાય છે, તે કારણથી હવે બીંદુ વીષે કહું છું. બીંદુ દરશનવાળાને પ્રાણાયમ કે રેચકપુરકની જરૂર નથી. તેણે તો પ્રથમ તુરતને માટે ટાટક કરવાની જરૂર છે, ટાટક સીધ થવાથી અભ્યાસ તુરત આગળ વધે છે. બીંદુ દરશનમાં પ્રથમ અભ્યાસીએ નાશીકાના અગ્રભાગ ઉપર દ્રષ્ટિ રાખવી જોઇએ, એ દ્રષ્ટી વખત અજપા જાપની જરૂર છે. દ્રષ્ટિ રાખવી જોઇએ એ દ્રષ્ટી વખત અજપા જાપની જરૂર છે. દ્રષ્ટી સ્થિર થઈ કે તુરત નાદનું અનુસંધાન ચાલે છે. નાદ અને બિંદુના ક્રમ જુદા જુદા છે. આ વિશયમાં પ્રથમ નાદ થાય છે. પરંતુ તે બિંદુમાંથી નાદ થાય છે. આ ક્રમ ઘણોજ ઉત્તમ છે બિંદુ દરશન થયાથી ધિમે ધિમે પ્રકાશ જોવામાં આવે છે. આ પ્રકાશ આંખ મીચ્યા પછી થાય છે. આ પ્રકાશ જોવાનો અભ્યાસ લાંબી મુદત થવાથી ખુલી આંખે પણ તે પ્રકાશ જોવામાં આવે છે. આ અરૂડ અભ્યાશીએ પ્રકાશમાં દેશ કે પ્રદેશનો કોઇ પણ સંકલ્પ તે જોવાનો કરે તો તે પ્રકાશમાં તે દ્રષ્ટમાન થાય છે. તે એવી રીતે કે

૧૬—ગરબી.

(મા પાવાતે ગઢથી ઉતર્યાં મહા કાળી રે. એ રાગ)

વેદાંતના સઘળા ગ્રંથ, રૂડા તપાસીરે,
તેનું કર્યું ઘણેરૂ મંથ, ટાળી ઉદાસીરે. ૧
અજાણપણામાં રહ્યો, બ્રહ્મથી પોતેરે;
તુચ્છ એને સર્વે કહો, રહ્યો તે રોતેરે. ૨
નિર્બળ થયો તે નેકી, જ્ઞાનીમાં ઘેલોરે;
સહાય કોણ કરે દેખી, ગણે કોણ પેહેલોરે. ૩
મેહેનત વિના નથી મુકતી, કહ્યું છુ સાચુંરે;
ભક્તિ વગરની જુક્તિ, રાખે કામ કાચુંરે. ૪
આકાશને મારે મુકી, વાગે કેમ હાથેરે;
માટે પડશો નહી ઝુકી, રહે કોણ સાથેરે. ૫
તન તુટી પામશો નાશ, આશ નથી કોઈનીરે;
દુઃખ કરે દેખતાં વાસ, પ્રિતિ ટળે ભાઈનીરે. ૬

પોતાના દેશથી લાખો ગઉ પર કોઈ ગયેલ હોય અગર પટારાની અંદર ગમે તે વસ્તુ ગમેતે ઠેકાણે હોય એટલે પોતે તે જાણતો નથી, ત્યાંહાં તેનું ચિંતવન કરે કે તુરત તે વસ્તુ આબેહુબ એ પ્રકાશીત જોવામાં આવે છે અને જે તે વાત કે વસ્તુ સંબંધીની જે વાત બોલે તે સાચી પડે છે. એને દૈવ્યદ્રષ્ટિ યોગીલોકો કહે છે. આવી દૃષ્ટિ મળવાથી સર્વ વસ્તુનો લય થતાં અદ્વિતભાવ જતો રહી એકતા એક ઇશ્વર ઉપર રહે છે. અને મોક્ષપદની પ્રાપ્તિ થાય છે.

કુશકા ખાંડે ન મળે, ચોખા શુદ્ધ ત્યારેરે:
સઘળી મેહેનતે બળે, ટળે પ્રયાસ જ્યારેરે. ૭
કેવળ શાસ્ત્રોને વાંચે, મોક્ષ કેમ થાયેરે;
આશ ત્રોડી તમે સાચે, કરો વેદ સાયેરે. ૮
તમે સમરો સર્વનો ઇશ, સત્ ચિત્ત આણંદેરે:
આગમ છોડી ન રાખો રીશ, મળો બ્રહ્મા-નંદેરે. ૯
વિક્રમ મેળવો શુદ્ધ ગુરૂ, થઇ ભવ સંગીરે;
ભેદ ભાગી કરજો પુરૂ, બની બ્રહ્મ ઉમંગીરે. ૧૦

૧૭—દોહરો.

ધર્મો ઘણા છે ધરણિમાં, કો નવ લે તે પાર;
સાગર ધારનો પાર જે, પામે શુ આચાર. ૧
અનંત શાસ્ત્રો એહના, બન્યા ઘણા બળવંત;
પાર કોઇ પામ્યું નહીં, જતા અવનીનો અંત. ૨
ટુંક ઉમરના આદમી, વાંચી શું લે સાર;
વય જાયે પાણી પુરે, શું લે તેનો પાર. ૩
પુર્ણ ભારતને વેદ જે, આદિ શાસ્ત્રો અનેક;
પુત્રો સ્ત્રી પ્રકૃતિ રૂપે, છળે સંસાર છેક. ૪
હંસ દુધ પાણી તણી, જુદા પાડે જરૂર;
દુધ પીએ સૌ દેખતાં, દે નીર કરી દુર. ૫
એ પ્રકારે આપણે, સમરણ કરવું સીદ્ધ;
અમુલ્ય વસ્તુને ઓળખી, શોધાવું નહી રીદ્ધ. ૬

માયા બ્રહ્મને [illegible], [illegible] કર અરૂક;
જાંહી પાડ તે [illegible] જેમ ખુડ; ૭
વિશ્વ રૂપ [illegible] યોગ ભગ છે ચાર;
એ [illegible] ત્રિકમ [illegible] આચાર. ૮

૧૮ [illegible].

[illegible].

(કૈયર [illegible], [illegible] કુંવર શું નેહ. ૨૫)

અરજુન [illegible] રે, એ છે જ્ઞાનતણો આધાર;
[illegible] રે. [illegible] તેનો સાર. ૧
[illegible] રે, [illegible] અરજુન મ્હારી વાત;
[illegible] રે, [illegible] કરશે સદા શાંત. ૨
સર્વ [illegible] રે, [illegible] પામશે નહી પાર;
એક [illegible] રે, કેમ એ લેશે તેનો સાર; ૩
આયુષ્ય મનુષ્યતણું રે, અલ્પ જાણોને જરૂર;
પાર નહીં પામે રે, તણારો જન મૃત્યુના પુર. ૪
માટે [illegible] રે, સત્ય અવિનાશી ભગવાન;
[illegible] કરીરે, ભુલી આ ભવ કેરૂ ભાન. ૫
ચંચળ ચિત્ત કરીરે, આત્મા કદી નવ ઓળખાય;
એકાગ્ર ચિત્તથારે. ગુરૂ કરે સદા સાય. ૬
તે કારણથકીરે, વૈરાગ રાખોને હમેશ;
સર્વ શાસ્ત્રનારે, ત્રિકમ સાર છે એ દેશ. ૭

૧૯—રાગ ગરબી, વૈરાગ.*

(ઓધવજી સંદેશો કહેજો શામને એ રાગ)

શુદ્ધ પુરૂષ વૈરાગવાળા સંસારમાં,
ચોપે કરશે એકતાએ નિજ ચિત્તજો;
વિરકત રહેશે આ સંસાર થકી વિરો,
વાણીમાં પણ વદશે નહી વાત વિત્તજો. સુખ ૧
ઘર છોડીને જઈ રહે જંગલમાં,
દેશ છોડીને જાએ જો પરદેશ જો;
ભટકે પહાડ ઝાડી માંહે ભાવથી,
એ નથી કાંય વૈરાગ કેરો વેશ જો. સુખ૦ ૨
ભભુત લગાડી ભડકાવે છે ભામની,
પંચ કેશ રાખી પુર્ણ બતાવે પ્યાર જો;
ભગવા વસ્ત્રો પ્હેરી ફરે જે ભોમીમાં,
એ નવ જાણે વૈરાગ કેરો સારજો; સુખ૦ ૩
દંડ ધારી આ દુનીયામાં બહુ દેખશો,
માતંગ બાંધી બતાવે બડી મોજજો;
ફકડ બની લક્ષ્મિ ગ્રહે ફાવતી,
ખરી નથી આમાં ઇશ્વર કેરી ખોજજો. સુખ૦ ૪

---

* વૈરાગ્ય—આલોક તથા પરલોકના વિષયભોગોમાં ઉદાસીન તે વૈરાગ. વૈરાગના બે ભેદ, પર અને અપર. અપર વૈરાગના ચાર ભેદ છે. યતમાન–વ્યતિરેક–એકેંદ્રિય, વશિકાર છે.

ટીલા માંહે રૂડી બનાવે ટપકીયો,
મુજ બાંધે કમરે મેળવી મેળજો;
નાચે રમે +મૂર્તિ પાસે નિયમથી,
ખરો નથી એ ત્યાગી કેરો ખેલજો. સુખ૦ ૫
સંસારી વસ્તુમાં જે લોભાય નહી,
વિરકત રહીને મોહ નવ પામે વિરજો;
એવો ત્યાગ જેમાં રહ્યો હોયે ઉરથી,
ધર્મીમાં કોઈ દેખાશે એવો ધિરજો. સુખ૦ ૬
સર્વ વસ્તુ શુભ અશુભ હોયે સામટી,
ત્યુર્ત એ બનેનોજ જેમા ત્યાગજો;
સ્ફુરે નહીં કાંઈ ફોગટ વસ્તુ લોકમાં,
એ રૂપ વૈરાગ કેરૂ ત્રિકમ સાંગજો. સુખ ૭

૨૦—*આત્મજ્ઞાન વિષે.

(પદ રાગ કાફી)

સમદર્શી યોગિરે, સુખમને કેરે સીધુ,
જ્ઞાન નયન ખુલેરે, જેણે સુધ બીડું પીધુ. ટેક સમ,
આત્મજ્ઞાની, યોગી લોક એવા, પાશાણ મૂર્તિકા જળ તિર્થ;
પુજન અર્ચન, કર્તા પોતે બોલે, વિનયથી ગણે તે નિર્થ;
માન આપે તે મોજેરે, તરવા સંસાર સિંધુ. જ્ઞાન૦ ૧

---

* આત્મધ્યાન—હૃદયકમળમાં, ચંદ્રમંડળના મધ્યમાં સહસ્ર દેવસુક્ત, અધોમુખ ને દશમદ્વારમાં પદ્મ છે, તેમાંથી પડતી

કર્મ કાન્ડી, બ્રહ્મ દેવ પુજા ગણે. અગ્નિ પુજન છે અધીક;
મુની લોકો રાખે, હૃદય કમળમાં. આત્મા પોતાની નજીક;
સામાન્ય બુદ્ધિ વાળાઓરે, પ્રતિમાનું પુજન કીધું. જ્ઞાન૦ ૨
શ્રુતિ પ્રમાણે, સમદર્શિ થઇને, જુવો સર્વાત્મક દેવ;
સર્વ વ્યાપી. સર્વાત્મક દેવની, સંશય વિના કરો શેવ;
સર્વ બ્રહ્મ જાણીરે, ભજ, રૂડું પીધું બીડું. ૩
પ્રકાસ સૂર્યનો, અંધ દેખે નહી, અજ્ઞાનથી ઇશ દુર;
ભ્રમણામાંતો, ભુવન ભુલી જઇ, પળે પળે બને ક્રુર;
માટે સમદર્શી થવુંરે, ત્રિકમે અંતર ચ્યાુ ચિંધ્યું. જ્ઞાન ૪

અનેક અમૃત ધારાથી ત્રાસ્ત્રવતાત સુધારસને, સિંચતાં ચંદ્રકિરણોએ આવૃત, અમૃતના સિંચનથી સાગોપાગ પુષ્ટ મંડળાકાર, સ્વાત્મ ભોકતારૂપી અક્ષર પુરૂષને હુંજ સચ્ચિદાનંદ લક્ષણયુકત બ્રહ્મ છું એમ એ એકાગ્રહ ચિતે ચિતવન કરે તે આત્મધ્યાની છે. એમ જાણવું. યો. ૭૩૦૫

× મુર્તિપુજન—આપણા જોવામાં આવે છે કે કેટલાક પુરૂશો શિવ, વિશ્નુ કે દેવિની મુર્તિ, જલ, માટી કે પથરની મુર્તિ ઈશ્વિર રૂપે પુજન કરે છે, તે પુજન કરવું. તે જ્ઞાનીલોકો વાસ્તવિક માને છે પરંતુ તે પથર જળ કે મ્રતિકા છે એમ જુદો ભાવ કરી જે અવિધાથી માને છે તેને પરોક્ષજ્ઞાન કહે છે. પણ એજ મુર્તિઓ ઇશ્વરરૂપ છે એની પ્રતિષ્ટા થયેલી એમ ધારણા કરી અપરોક્ષજ્ઞાનથી તેનું સર્વ રીતે પુજન અરચન સુદ્ધ વિચારથી કરે છે તે વાસ્તવિક છે અને તેજ માનનાર જ્ઞાની કહેવાયછે એમ સમજવું.

૨૧—રાગ ઉપર પ્રમાણે.

અહિં તહીં ઈશ્વરરે, યોગી લોક જાણે એવું,
સર્વ વ્યાપી શિવરે, તદ્ રૂપ મન ધરે તેવું. ટેક અહીં૦

સર્વ રહિતને, કષ્ટ રહિત એવો જે ઇશ્વર, અવ્યય એવો જો ઇશ;
એવા પુરૂષનું, ધરે ધ્યાન ધરા, નિર્મળ જાણી ન્યાયાધીશ,
વિષ્ણુદેવ વખાણુંરે, વેગે ટાળે દુઃખ તેવું. અહીં૦ ૧

પ્રત્યક્ષ વસ્તુ, પ્રત્યક્ષ આકાશ, ચરાચર બ્રહ્માન્ડ જોય;
જ્યોતિમય, સર્વ પ્રાણી નીવાશી, મોક્ષ મુક્તિ સાથે સોય;
માર્ગ ઝાલે મોજેરે, મહરામ મુકી તેવું. અહીં૦ ૨

ખગાકાર છે, હંસરૂપે ખાસ, ભાવનાથી આવે શુભ ભાન;
અખંડાનંદને, બ્રહ્મરૂપ માની, ગુણી થઇને લેશે જ્ઞાન;
સર્વ એકરૂપ ગણેરે, સદા સુખ સાધે કેવું. અહીં૦ ૩

ચાડી ચુગલી, ચોરી એવડી કરી, નિશીધ દ્રવ્ય લેનાર;
શત્રુ મિત્ર, સગા સંબંધિમાં, મુનીરાજા છે એકધાર;
પિતા માતુના પ્યારારે, એક રૂપે જાણો એવું. અહી૦ ૪

એકતાવાળા, એવા યોગીયોલોકો જે, ધરે થિર નિમિશ ધ્યાન;
ગંગા પ્રાગના, ફળ તુચ્છ ગણશે, વેદ કરે છે બ્યાન;
ક્ષણિક અધ્યાત્મીક ધ્યાનીરે, ફલ પામે યજ્ઞો જેવું. અહીં૦ ૫

મનહર છંદ.

શત્રુ મિત્ર સુખ દુઃખ, અશુભ જે અપમાન;
માન નિંદા જેવી વાત, સમાન તે ગણશો.
માન સ્તુતી રીતી થકી, પાપ પુન્ય પદાર્થોના;
સંબંધની આજ્ઞાઓમાં, સમભાવ ભણશો.
આપ તુલ્ય પર ગણી, એક રૂપ હેતુ આણી;
ખેદ ભેદ દુર ટાળી, એમ ચિત્ત આણશો.
એવા ધ્યાની નિમીષમાં, ફળ રૂડા પામી પોતે;
ઇશ મોજે મેલવીને, ખરી વાત ખણશો.

દોહરો.

સાર પાર સંસારનો, બાળકૃષ્ણે લઇ બોધ;
નટવરલાલ અમર થયો, ભણિ ગિતા તજી કોધ. ૧

—સમાપ્ત.—

લઘુ રામાયણ.

મંગલાચરણ.

દોહરો.

રામચંદ્રના ચરણની, રજ લેવા સૌ ચાય;
ગુરૂ કાકાજી પ્રતાપથી, રટાય શ્રી રઘુરાય. ૧
કૃતિની જનની સરસ્વતિ, નમું લઈ શુભ નામ;
શુદ્ધ જીભે વસો સારદા, ઠરો ઠાઠથી ઠામ. ૨

૧–રામચંદ્રનો જન્મ.

ગરબી.

(મારૂ સોનાનું છે બેડું રે, છેલ છબીલા છોગાળા–એ રાગ)

રઘુકુળમાં ભાણુ ઉગ્યોરે, વેદ વખાણે વિવેકે;
પુર્ણ બ્રહ્મ તું છે ન્યારોરે, નામ જપે તારૂ નેકે. ૧
નિસિચર સૌને મારવારે, પ્રગટ્યા પ્રભુજી ન્યારા,
ભુમિનો ભાર ઉતારવારે, દેખું પરબ્રહ્મ છો સારા. ૨
પ્રેમી ભક્તોને પાળવારે, અજન્મા થઈ જન્મ ધરો;
ખળવંતના પાપ બાળવારે, પોતે જઈ એક ઠામ ઠરો. ૩

એવા છો રઘુવિર સ્વામિરે, ધરામાં પોતે જન્મ ધરો;
ત્રિકમ સત્યને તારવારે, પાપી કેરા પ્રાણ હરો. ૪

૨—ઇક્ષા કુળ વિષે.

ગરબી.

(સખી પડવે તે પુર્ણ બ્રહ્મ, જે કોઈ જાણેરે—એ રાગ)

ઇક્ષ્યા કુળની કરૂં હું વાત, સૌ જન જાણેરે;
અજ તણા થયા દસરથ, મનમાં આણેરે. ૧

કૌશલ્યા નાર દસરથ, જગમાં જાહેરરે;
તેથી ઊપન્યા શ્રી રઘુવિર, કરૂણા સાહેરરે. ૨

દેવ મુર્તી છો શ્રી રામ, પ્રગટ્યા પ્રભુજીરે;
જેની કિર્તી છે અનુંપ, જાણે શંભુજીરે. ૩

બાળપણે તાડિકા મારી, વિશ્વામિત્ર સાહેરે;
યજ્ઞ રક્ષા કીધી છે એવી, મંડપની માંહેરે. ૪

આપસમાં તાપસ થયાં તાજા, જુવે મુખ તાકીરે;
ઊદ્ધારી અહલ્યાને અંતે, રાખી નહિં બાકીરે. ૫

મોક્ષ આપી જગથી માપી, કાપી દુખની ફાંશિરે;
ત્રિકમ એવા પ્રભુ દરસન, જોતાં જાય ઊદાસીરે. ૬

૩—સિતા સાથે પરણવું.

ગરબી.

(શિખ સાસુજી દે છેરે, વહુજી રહો ઢંગે—એ રાગ)

ત્રંબકને ત્રોડિરે, માનભંગ રાવણ કીધો;
સિતાજીને પરણિરે, પ્રેમી હાથ તેને દીધો. ૧

વિસ્મિત તો કીધુંરે, જગતમાં વિભુ બની;
મદ ફરસુનો ત્રોડિરે, હરિ બન્યા છે ધણી. ૨
અવધપુર આવીરે, અભય કીધા ભાંડુ;
કેકૈના વચનેરે, કર્મે પકડ્યું કાંડું. ૩
રાજ્યાભિશેકરે, કરવા મહુરત આવ્યું;
વશિષ્ટ ગુરૂનારે, મનમાં ભલુ ભાવ્યું. ૪
સદા સુખ કારીરે, મોરારી જાણે બધું;
દહિતોને હણુવારે, દસરથ બોલ્યા વધુ. ૫
વિદેશ પધારોરે, વર્ષ બાર ગાળી તહી;
તંન જાળવજોરે, એવી વાત તેણે કહી. ૬
પિતા વેણ પાળોરે, રઘુવિર સિતા સંગે;
ચાલ્યા વિદેશેરે, ત્રિકમ સૌ છોડી રંગે. ૭

૪—વનવાસ જવા વિષે.

(પાલવડો મેલો મોહનજી, મારગડે મને જાવા દો—એ રાગ)

જય જય પુર્ણ બ્રહ્મ નિરંજન, આ જગલીલા તારીરે;
સિતા લક્ષ્મણ સંગે લઈ, વિચરીયા મોરારીરે. જય૦ ૧
રાજ્યાભિશેક છોડી પોતે, પિતા વચનો પાળિરે;
વનકલ પેરી દ્વેશ દિલ ટાળી, ચાલ્યા ક્રોધને બાળીરે. જય૦ ૨
તેડ આવા આવી ભરતજી, ચિત્રકોટ ગિરી ચાલ્યારે;
શરણ પિતાનું પોતે પરખી, પ્રત્યવાયથી પલિયારે. જય૦ ૩

અતિ તાપ અંતરમાં આણી, ભાળાવ્યું રાજ્ય સુ ભરતનેરે;
ભરતજી વનમાં કર્તા ભક્તિ, નિત્ય જમાવતા નૃત્યરે. જય૦ ૪
આ બનાવ તો અવધપુર બનતાં, રામ દંડકવન આવ્યારે;
ગોદાવરી તટ આગળ ચાલી, પંચવટી બિરાજ્યારે. જય૦ ૫.
મુનિશ્વરોના આશ્રમે ઉતરી, પરમકૃપાળુ દયાળરે;
ત્રિકમ ઘણા દિવસો રહેતા, ગયો ઘણેરા કાળરે. જય૦ ૬

૫—સિતા હરણ.

ગરબી.

(પડવેની પુર્ણ પ્રિત ગતમત ભુલીરે—એ રાગ)

દસકંધની ભગ્નિ દિસે, પાપ મતિ વાળીરે;
લક્ષ્મણે કાપ્યું નાક, વગાડી તાળીરે. ૧
વિદારીયા અસુર, સહસ્ર ચોદ જોતારે;
ખરદુખરના લઈ પ્રાણ, ગયા દૈત રોતારે. ૨
ત્રિશિરાને ત્યાંહાં મારી, લક્ષ્મણ થયા રાજીરે;
રૂષિને આપી ખુશી, બતાવી બાજીરે. ૩
સુરપંખાની સુણિ વાત, દસકંધ કોપ્યોરે,
જાનકીને હણુવા માટ, આંબો રાપ્યોરે; ૪
મરીચિ બન્યો મૃગરાજ, મોહમાં નાખવારે;
બન્યો જોગિ રાવણરાય, સિતાને હરવારે. ૫
જાનકીને લઇ દસકંધ, ચાલ્યો ચોટેરે;
રસ્તે જતાં જટાયુ, હણ્યો જોડી દોટેરે. ૬

રામ આવ્યા આશ્રમ માંય, લક્ષ્મણ રોયારે;
અતિ સિતા નથી મઢી માંય, ત્રિકમ જોયારે.   ૭

૬—રઘુવિરનો વિલાપ.

ગરબી.

(બડો ચતુર પ્રેમો ટોપીવાળો, રેલરે ગાડી ચલાવીરે—એ રાગ)

આશ્રમ છોડી રઘુવિર ચાલ્યા, જાનકી જાનકી કરતારે;
લક્ષ્મણે લક્ષમા લઈ જાનકી, આંખે પાણી ભરતારે. આ૦ ૧
મારગ જાતાં જટાયુ મળીયો, પાંખ વિનાનો પડેલરે;
હાલનચાલન વિના પક્ષિના, ચિતે રામ ચડેલરે. આશ્રમ૦ ૨
રઘુવિર પુછે જટાયુ પક્ષિને, સિતા દ્રષ્ટિમાં આવીરે;
વાણિ વિમળ બોલ્યો તે વેગે, ભ્રમણા કેમ કરો ભાવીરે. આ૦ ૩
કુબુદ્ધિના રાવણે પોતે, જાનકી કાંધે લીધીરે;
આડા ફરતાં રાવણે મારી, પાંખો જુદી કીધીરે. આશ્રમ૦ ૪
આવા વચનો રઘુવિરે સુણિ, ગુસ્સામાં બહુ આવ્યારે;
લક્ષ્મણ સામુ જોઈ પ્રભુજી, ગિધને પાસે લાવ્યારે. આ૦ ૫
પ્રેમ કરીને પાંખો આપી, કાપિ મનની જાળીરે;
ત્રિકમ ત્યાંથી આગળ ચાલી, પુછે નારિ ભાળીરે. આ૦ ૬

૭—જટાયુને ખબર પુછે છે.

ગરબી.

(એ મહિને ના જઈએ પિયુ પરદેશમાં—એ રાગ)

જટાયુ પાસેથી ચાલ્યા જગપતિ, આવ્યા પોતે સવરીને આશ્રમજો;

જાનકી કેરા ખબર પુછયા પ્રેમથી, ભેદી ખેદી ઉપન્યો મનમાં ભ્રમજો.

જટાયુ૦ ૧

સિતાથી વ્યાકુળ થયેલા શામજી, બાવરા બની પુછે ભરી બાથજો;
એમાં સવરી જોઇ સુંદિરશામને, હરખકરીને બાઝી હરિને હાથજો.

જટાયુ૦ ૨

રઘુવિરને સવરી નમી હેતથી, પુછે સઘળી પ્યાર કરીને વાતજો;
મનગમતી વાતોમાં તે તો લીન થઈ, ગળત થઈ બોલી નારિજાતજો.

જટાયુ૦ ૩

અલબેલાને બેસાડી સવરી આશ્રમે, વેગે ચાલી બોરડી કેરે વનજો;
મોટા ટાળી નાના કાઢી બોરને, ભાવે લાવી બતાવી ભલુ મનજો.

જટાયુ૦ ૪

અરધું ખાઈ આપે આત્મારામને, જમે પોતે તજે નહી જરાયજો;
અંત કરીને ખાતા હતા ખુંખારતા, તલપે ઝડપે લેતા પોતે ત્યાંયજો.

જટાયુ૦ ૫

ખાંતે ઘેલી કેરા બોરા ખાઇને, તૃપ્ત થયા શ્રી ત્રિભોવનના નાથજો;
પંપાસર સવરીનો આશ્રમ છોડીને, આગળ ચાલ્યા ત્રિકમ જદુનાથજો.

જટાયુ૦ ૬

૯–કપિરાજના ભેલા થયા.

ગરબી.

(મા પાવા તે ગઢથી ઉતર્યાં મહાકાળીરે- એ રાગ)

કપિનો જોઇ કુસંપ, કહે મોરારીરે;

પક્ષ લેતાં વળે જંપ, કરવું ધારીરે. ૧
સુગ્રિવને કરી સાય, આપી તાળીરે;
જોતામાં સંકટ જાય, જુવો ભાળીરે. ૨
દ્રઢ મૈત્રિ કરી ધિર, પ્રેમ વધારીરે;
તદરૂપ કર્યા કપિવિર, કૃપા કરી સારીરે. ૩
દિન કર્યા દીનદયાળ, નિતિ આપીરે;
ભામનિની કરવા ભાળ, જમિન માપીરે. ૪
દાવથી મેળવ્યું દળ, દિન દયાળેરે;
દળ કટકનું બનાવી બળ, વદ્દુ છુ વાલેરે. ૫
સોધ કરોને હનમંત, સિંધુ પારરે;
ખાસ કરો રાખી ખંત, લાવો સારરે. ૬
હનમંત કહે શ્રીરામ, સિતા છે લંકમાંરે;
અશોકમાં લે આરામ, રહે રૂડા રંગમાંરે. ૭

૯—કિસકંધાથી ચાલી પાય બાંધી.

ગરબી.

(રઘુપતિ રામ રૂદેમાં રહેજોરે—એ રાગ)

રઘુવિર કિસકંધાથી ચાલ્યારે, લાવ લશકર લઇને આવ્યા. (રઘુ)
વનમાળીએ વાંદર લીધારે, રિછ સેઝને ભેળા કીધારે;
માનવને રૂડા માન દીધા. રઘુવિર૦ ૧
દળ કટક કિધું ભેળુંરે, જોતાં મનુષ્ય બને ઘેલુંરે;
પંખી પડતા તે દોડે પેહેલું. રઘુવિર૦ ૨

ચાલી સમુદ્ર તિરે આવ્યારે, હરિહરના મનમાં ભાવ્યારે;
મુકામ કરી ત્યાંહાં ફાવ્યા. રઘુવિર૦ ૩
લંક જવાનો રસ્તો ન સુજેરે, મન સર્વના બોલતા ખુજેરે;
જળે જતા ગાત્ર સૌના ધ્રુજે. રઘુવિર૦ ૪
લંધુરી વાદરને બોલાવીરે, પથ્થર આપ્યા તેને તો લાવીરે;
જોતાં સેતુએ બાંધી પાળી. રઘુવિર૦ ૫
સૈન ઉતારી જવા લંકેરે, દિનરાત ચાલે રૂટે ડંકેરે;
વાત સુણીને રાવણ વંકે. રઘુવિર૦ ૬
ધરા ધ્રુજે સૈન જોઇ ધારીરે, અજબ છબિ બની ગિરધારીરે;
ત્રિકમ હરિ મેળવે નિજ નારિ. રઘુવિર૦ ૭

૧૦ રામચંદ્રજી પાગ બાંધી સુવેણુ પર્વતે ગયા.

ગરબી.

(હરિ ભજન થકી છોટા હોય તે સૌથી મોટા થાવે, એ રાગ).

ઓ રાઘવજી, સુવેણુ પર્વત છે અતિ સોહામણો;
ત્યાં આશ્રમ કરી, બેહિ બેહિ રાવણની વાતો ભણો. ટેક.
સભા ભરી રઘુવીરે સારી, વાંદર દળ ભેળું કીધું ભારી;
કર્યો અશ્વ વાંદર નિરે કારી, ઓ રાઘવજી. ૧
વષ્ટિ કરવા અંગદને આજ્ઞા દિધી, હરિ વચન સુણિને વાટ લીધી;
જઇ લંકપતિને જડપ દીધી, ઓ રાઘવજી. ૨
અતિ સિતાને શાંતિ ખબર આપી, અંગદે મનની આળ કાપી;
ચતુર હરિ પાસે બોલ્યો ચાપી, ઓ રાઘવજી. ૩

સુર શરણ રાવણના સેનાપતિ, ગુણવંત મળ્યા વાંદર પતિ;
રામે જાણી તેની મતિ ગતિ, ઓ રાઘવજી. ૪
સારથી મારથી શ્રી રઘુરામે, દળ કટક બતાવ્યું ઠામ ઠામે;
બંધુ લક્ષ્મણ તેડાવ્યો તે સામે, ઓ રાઘવજી ૫
અદ્દભુત લીલા જોઇ સુર સરણ, ખેદ પામી થયા તુલ્ય મરણ;
ત્રિકમ ભેદિ છે હરિ તારણ તરણ, ઓ રાઘવજી. ૬

૧૧–મનોહરી રાવણને કહે છે,

રાગ વૈરાગ.

(વનચર વિરા વધામણી,–એ રાગ.)

નમોરે સ્વામિ શ્રી રામને, પ્રજા પ્રેમથી બોલે;
આ અવનિમાં કો નથી, રઘુવિરની તોલે. નમો. ૧
મરકટ માકડા રોઝને, લેજત લે સુલડાઇ;
માયાની છાયા દેવને, તે ગુસ્સેથી કરે ચડાઇ. નમો. ૨
એક વચન એક પત્નિને, એક બાણ રાખે પાસે;
મતિ ગતિ હિણી નથી, નેકી રાખે નહિ વાસે. નમો. ૩
એવારે પુરૂષને જઇ મળો, નથી હિણપત એમાં;
આપશે માફી કૃપા કરી, જરૂર મુક્તિ છે તેમાં. નમો. ૪
સાર નથી સ્વામિ લડાઇમાં, સુખ જાશે તણાઇ;
બાજ વિઝોટે પક્ષિને, તેમ મારશે ખાઇ. નમો. ૫
બળ હિણુ કરશે બોલતા, ભાઇ ભાણેજ ભત્રિજા;
મારથી સારથી મારશે, હણાશે આહેરમાં ત્રિજા. નમો. ૬

મમત મુકો મારા સ્વામિજી, સુણો દાસિની વાણી;
ત્રિકમ દસકંધ ડગ્યો નહીં, વાણિ લાગી ધુળધાણી. નમો ૭

૧૨–રાવણ કહે છે,

લાવણી.

જે કોઇ હરિની ધારણા ધરે, હૃદયમાં જ્યોતિ રૂપે રમે. ટેક.
જે કોઇ અભય દિલમાં ધરે, તે તો જ્ઞાનવાન કહેવાયે. જે. ૧
આ સંસારમાં સાર એટલો, મર્ણ જન્મનો છેડો;
વિદ્યા અવિદ્યા જાણિ લેતાં, ભજનનો છે કેડો. જે. ૨
બ્રહ્મા આદિ દેવ જે મોટા, સહસ્ત્ર વર્ષ સમાધિ ધરતા;
બ્રહ્મ કેરો તે પાર ન પામ્યા, નેતિ નેતિમાં ફરતા. જે. ૩
માટે નારી પ્યારી મારી, આથી ભજન બીજું શું છે;
રામ ઈષ જો તું કહેતો, પુન્ય એથી બીજું શું છે. જે. ૪
રામને મારે અભય થઇશું, હરિ હારે દે મુક્તિ;
મનોહરોસુ રાવણ વદે, ત્રિકમ જુઓ એ જુક્તિ. જે. ૫

૧૩–રાવણ લશકર લઇ ચડયો,

ગરબી.

(આનંદ ઘડિ શી વરતી આજ, પોપટ ભાઇ પરણે છે.–એ રાગ.)

લાવ લશકર તૈયાર કરે સાજ, રાવણ રણમાં ચઢે છે.
અશ્વ હાથીપર નાંખ્યો સાજ, રાવણ રણમાં ચઢે છે. ૧
તલવાર પટા બાંધી ઢાલ, રાવણ રણમાં ચઢે છે;
અસુર ચાલે મુખ દેતા ગાલ, રાવણ રણમાં ચઢે છે. ૨

ઘોંઘાટ કરે છે આસુર જાત, રાવણ રણમાં ચઢે છે;
અંગ રંગની જુદિ જુદિ ભાત, રાવણ રણમાં ચઢે છે. ૩
નગારા ઢોલનો જુદો ઘાટ, રાવણ રણમાં ચઢે છે;
વાગે બિંગલ સરણાઇ વાટ, રાવણ રણમાં ચઢે છે. ૪
દળ કટક આવ્યું રામની પાસ, રાવણ રણમાં ચઢે છે;
બન્યા સારથી મારથી ખાસ, રાવણ રણમાં ચઢે છે. ૫
મચાવ્યો મોજે ત્યાં સંગરામ, રાવણ રણમાં ચઢે છે;
ખેલે તે ત્રિકમ ઠામો ઠામ, રાવણ રણમાં ચઢે છે. ૬

૧૪–રામચંદ્રજી લઢવા તૈયાર થયા,

ગરબી.

ઢોલને ઢમકે વાંનર કુદે રાજ, રઘુવિર વિસ્મે થાય છે;
કાંઇકિને બચકા ભરે આજ, રઘુવિર વિસ્મે થાય છે. ૧
ચુંથી પાઘને બાઝે ધિર, રઘુવિર વિસ્મે થાય છે;
મારે લાત ને તોડે શિર, રઘુવિર વિસ્મે થાય છે. ૨
લઈ કપિ દલ ભક્ષ પ્રાન, રઘુવિર વિસ્મે થાય છે;
રણમાં ઘુમે છોડી ભાન, રઘુવિર વિસ્મે થાય છે. ૩
ભડકે હાથિ ઘોડા ખાસ, રઘુવિર વિસ્મે થાય છે;
છોડિ સાર્થી ફરે ચોપાસ, રઘુવિર વિસ્મે થાય છે. ૪
આર્થી સાર્થી ઘસે છે હાથ, રઘુવિર વિસ્મે થાય છે;
પડતાં અસુર ભરે છે બાથ, રઘુવિર વિસ્મે થાય છે. ૫

અકળાયો રાવણ જોઇ જાત, રઘુવિર વિસ્મે થાય છે;
જોતા જોતા થાયે શાંત, રઘુવિર વિસ્મે થાય છે.

૧૫—રાવણનો નાશ,

પદ કિરતન.

(જો વિચારી જીવ તારી શી ગતિ થશે—એ રાગ)

રામ સંગ લક્ષમણ ચાલે, ભવ્ય લઇ ગદા;
દળ કટકને પ્રેમ પમાડે, કરી શુભ અદા. રામ સંગ૦ ૧
ચતુર લંકેશ સામો ચાલે, હરખતા હતા;
રાક્ષસ દેખી રણમાં રોળે, લણે કેળ લતા. રામ સંગ૦ ૨
રાડ ઇંદ્રજીતે સુણિ, આવ્યો સામો ચોટે;
જોતા જોતા લક્ષમણ વિરે, કાઢયો પાછો દોટે. રામ સંગ૦ ૩
માનભંગ કરી રાવણ, હણ્યો ઇંદ્રજીત;
આવ્યો કુંભકર્ણ પાછો, ચઢયો યુદ્ધે પ્રિત. રામ સંગ૦ ૪
કુંભકર્ણ મરતાં રાવણ, આવ્યો જોધો મોટો;
મહા સંગ રામ થતા, વાળ્યો તેનો ગોટો. રામ સંગ૦ ૫
દુંદભિ દેવતાના વાગ્યા, જય કર્યો જદુનાથે;
પટાભિષેક ત્રિકમ કીધો, બભિષણને હાથે. રામ સંગ૦ ૬

૧૬—રાવણના મરણનો વિલાપ,

મરશીયા.

ગયો ગયો લંકાનો સ્વામિ, જેની કિર્તી દેશોદેશ જામિરે (ગયો)
રવિ ઇંદુને વશ કરી પોતે, દિવી ધરાવે ઘરમાં જોતે,

વરૂણ પાણિ ભરે વિર રોતેરે. ગયો૦ ૧
બંન્ય બ્રહ્મા જાણે વેદ ભાસે, પાઠ પુજા કરે દેવ પાસે;
દાન લઇને મુકે તે વાસેરે. ગયો૦ ૨
નિગ અથાક જમિનમાં નાખે, મેઘ ઊપર ઇંદ્રને રાખે;
ઔદિ ખેતિ દેતિ પ્રજા ભાખેરે. ગયો૦ ૩
આણ ચૌદે ભુવનમાં એની, કરે રસે કસે લગત તેની;
જર જમિનમાં જસિ જેનીરે. ગયો૦ ૪
ભાઇ ભાણેજ ભત્રિજા ભેદિ, મિત્ર શત્રુ છત્રપતિ ખેદી,
ગયા રહ્યા તે બન્યા કેદીરે. ગયો૦ ૫
જર જાહાગિર જગા મુકી, દાવ ખેલતામાં ગયો ચુકી;
દાવાનળમાં પડયો તે ઝુકીરે. ગયો૦ ૬
મૈયર સૈયરના સૌ સંગિ, રંગિ ભંગિમાં થઇ છે તંગિ;
ઝાળ ઊઠી મરદમાં જંગિરે. ગયો૦ ૭
મરણ તુલ્ય મનોહરી ફરતિ, વિલાપ કરી ચક્ષુ નિર ભરતિ;
ત્રિકમ એકે ઠામે નવ ઠરતિરે. ગયો ૮

૧૭—રામ સ્તુતિ,

ગરબી.

(પાલવડો મેલો મોહનજી, મારગડે મને જાવા દો. એ-રાગ.)

જય જય રઘુવિર કૃપાળુ, આ લિલા છે તારીરે;
ઋષિ મુનિ જેનો પાર ન પામે, આખર બેઠા હારીરે. જય૦ ૧

અદ્ભુત ખેલો તારી ઈચ્છાથી, અજબ રીતે રચાયારે;
કાંઇ નહોતું ત્યાંહા કેવું કીધું, લંકમાં નાંખી પાયારે. જય૦ ૨
પશુ તુલ્ય તારા બળથી વાંનર, મનુષ્યરૂપે જણાયારે;
અસત્ય નાહું છે તુંજ આધારે, સત્યનો પાયો નાંખ્યારે. જય૦ ૩
ગ્રહ નક્ષત્ર સૂર્ય ચંદ્ર, અદ્ભુત પૃથિવ રૂપાળીરે;
એ ઘટના તારા આધારે, ચાલતા મેં તો ભાળીરે. જય૦ ૪
નિર્ગુણ છું પણ સગુણ તું છે, હરિ શિવ વિધી રાયારે;
ધરા ભાર હરવાને માટે, ધરે હમેશા કાયારે. જય૦ ૫
વિધિરૂપે જગ ઉપજાવે, હરિરૂપે તું પાળેરે;
ઇશરૂપે સંહાર કરે છે, કળાય સદા લય કાળેરે. જય૦ ૬
જગ જામ્યું જગપતિ આધારે, કુબ્યું શ્રી હરી હોંશેરે;
ત્રિકમ રામ સમરણ વિના, જીતિ બાજી ખોશેરે. જય૦ ૭

૧૮—બભિષણને રાજ આપ્યું,

ગરબી.

સખિ ચૈતરે ચિંતા થાય છે જો, (એ રાગ.)

રાજ્ય આપ્યું બભિષણને ભાવથી જો, દિનદયાળે દાન દિધું દાવથી જો;
સિતા બોલાવી રામે અશોકથી જો, નર વાંનર ખુશ થયા નોકથી જો.
પ્રજા બંધુના દુઃખ નિવારવા જો, બેઠા હરિ વિદેશ વિચારવા જો;
એમ વદિ વિમાન મંગાવ્યું જો, જોતા જોતામાં તે તો આવ્યું જો.
કેન સિતા બભિષણ આદિ જો, રામ લક્ષમણ બેઠા ગાદિ જો;
ચાલી ભારદ્વાજ આશ્રમ આવ્યું જો, રામે રૂષિને મળવા કાવ્યું જો.

રૂષિ પત્નિ સિતા સૌ મળ્યા જો, દુઃખ સુણિ આંખ્યે જળ ભર્યા જો;
હેતે રાખી મેમાન ગતિ કિધી જો, રૂષિ પાસેથી આજ્ઞા લીધી જો.
વિમાન ચલાવ્યું ઘણિ ચોપથી જો, આવ્યા ભરતને આશ્રમ સોફથી જો;
મલ્યા ભાઇઓ તાંહાં ઘણા રોફથી જો, ચાલ્યા ત્રિકમ કાઢી ખોપથી જો.

૧૯—રામચંદ્ર અયોધ્યા આવ્યા,

ગરબી.

(ઓ અંબેમાત ડુંગરમાં વશિયારે જાયગા જોઇને.—એ રાગ)

શ્રી અયોધા વૈમાનમાં બેશી રઘુવિર આવીયા,
હરખી પ્રજા, ભાવિના મનમાંરે શ્રી હરિ ભાવીયા. શ્રી ૧
મંગળિક પોકારો કરતા, મનુષ્ય શેરી રસ્તે ફરતા;
તે ડગાવ્યા કોઇથી નવ ડરતા, શ્રી૦ ૨
ઘર હાટે પાટે ને ઘાટે, ફરકે ધ્વજા દૈવિ વાટે;
રંગ બેરંગી દિસે કાટે, શ્રી૦ ૩
ઢોલ મરદંગ સિતારો સારી, સુંદરિની વાણિ લાગે પ્યારી;
ભેરિ ભૂંગોળ રાગે ભારી, શ્રી૦ ૪
સાજન વાજનની રૂડી શોભા, શેઠ શાહુકાર દિસે છે મોભા;
ખરા રત્નના રસ્તે જડ્યા ખોભા, શ્રી૦ ૫
અંબા રંભા અગણિત એલી, શણગાર સજી આવે વેલી;
મુખ હરિનું નિરખી થાય ઘેલી, શ્રી૦ ૬
ફુલ ગજરા પાન ફેરે ફેરે, અક્કલવંત અત્તર દે ઘેરે ઘેરે;
પ્રેમ ઉપજે હેતા પેરે પેરે, શ્રી૦ ૭

શહેર મંદિર ફરિ હરિ ઘેર આવ્યા, ભલા ભૂપતિના મનમાં ભાવ્યા;
રતિ પતિ સતિ ત્રિકમ ફાવ્યા, શ્રી૦ ૮

૨૦—રઘુનાથજીનું કૈકૈ પાસે જવું.

ગરબી.

(સૈયર શું કરૂ રે, મ્હારે નંદકુંવરસુ નેહ.—એ રાગ.)

કૈકૈ મા કનેરે, હરિ ઉભા જોડી હાથ;
મુખે પ્રેમથીરે, મળ્યા ભરી પોતે બાથ. ૧
પુત્ર માહરારે, ફર્યો તું ઘણા દેશ વિદેશ;
દુઃખી બહુ થયોરે, વણકર પ્હેરી લિધો વેશ. ૨
વિપત વિદેશ ગયેરે, પ્રજા માથે બહુ પડી;
સધામ તુજ પિતા ગયેરે, ઘરમાં જંપુ નહિ ઘડિ. ૩
રાજ્યના તોરમાંરે, મતિ ગતિ ગઇ ફરી;
જણાયું નહીં જરારે, આપ છો છોગાળા હરિ. ૪
હવે હું તો ઠરીરે, ભુદર દયા કરો ભળી,
ત્રિકમ શ્રી હરિરે, સુમિત્રા મેહેલે ગયા વળી. ૫

૨૧—સુમિત્રાને મેહેલ ગયા.

ગરબી.

(મા પાવાતે ગઢથી ઉતર્યા, મહાકાળીરે.—એ રાગ.)

આવો આવો પ્રભુ શ્રી રામ, સૂમિત્રા કહે છે રે;
હાથ પકડી સીતાને રામ, પાસે લે છે રે. ૧

ફરી શાંતિનો પોકાર, સૂમિત્રા કહે છે રે;
આંસુ કાઢે ધમધોકાર, પાસે લે છે રે. ૨
અલબેલા મારા શામ, સૂમિત્રા કહે છે રે;
દુઃખ બહું સહ્યું મારા રામ, પાસે લે છે રે. ૩
તુજ પિતાનો વિયોગ, સૂમિત્રા કહે છે રે;
તમો નહિં વન જવા યોગ, પાસે લે છે રે. ૪
સિતાને પાડી શાંત, સૂમિત્રા કહે છે રે;
સતિ તું છે જગતની માત, પાસે લે છે રે. ૫
પડ્યો લક્ષ્મણ ત્યાંહાં પાય, સૂમિત્રા કહે છે રે;
રહ્યો રઘુવિરની તુને સાય, પાસે લે છે રે. ૬
કોશલ્યા મંદિર ફરી, સૂમિત્રા કહે છે રે;
પહોંચ્યા તે ત્રિકમ હરિ, પાસે લે છે રે. ૭

૨૨ કૌશલ્યા માતાને મેહેલ ગયા.

ગરબી.

(એ મહિને ના જઇએ પિયુ પરદેશમાં. એ રાગ.)

વેણ સુણી કૌશલ્યા માતા આવિયાં,
હરખાતાં હરખાતાં દ્વારની પાસજો;
ઢળે પડે ને ઊભાં થતાં આવતાં,
રામ વિયોગની છોડી પોતે આશજો. વેણ૦ ૧

રામ ક્ષલમણ સિતાને લઇ બાથમાં,
ગદગદ કંઠે ચતુરા ચાલ્યા ચોપજો;
મનહર છબિ નિહાળવાને કારણે,
આસન આપી વાત કરે અનોપજો. વેણુ૦ ૨

રાત દિવસ ફરી કાંટા પગે વાગ્યા હશે,
વનફળ પેરી ભટકયા દેશવિદેશજો;
એવા દુ:ખો મારા પુત્રો તમે સહ્યાં,
કેમ સહ્યા આ મસ્તક ઉપર કેશજો. વેણુ૦ ૩

વાઘ વરૂ ભુજંગ આદિની વેદના,
જોતાં ગાત્ર તુટે રહે ન પ્રાણજો;
અતુલ્ય આફત તુજ ઉપર આવી પડી,
વળી શરીરે વળગ્યા કંટક બાણજો. વેણુ૦ ૪

આ વિપતમાં સિતા હરિ રાવણે,
ખંડે ખંડે ભટકી બાંધી પાગજો;
મારા પુત્ર તુજને લક્ષ્મણ શું કહું,
નિરાહારીથી રાખ્યો રૂડો રાગજો. વેણુ૦ ૫

મરણ રાવણ કારણ તો બન્યા તમો,
યુગ કુળ શોભા આપી ખ્યાતી કીધી જો;
રસો જમો રણ જીતો પ્યારા પુત્રજી,
શાંતિ રહો એમ ત્રિકમે આશિશ દિધી જો. વેણુ૦ ૬

૨૩—અયોધ્યાની શોભા.

(મામેરૂ મોઘા મુલનું-એ રાગ)

જીરે આજની ઘડી તે રળીઆમણી,
કૌશલ્યાને હરખ ન માય, બેસે રામ ગાદિયે. ૧
જીરે ધ્વજા પતાકા ફરફરે,
જેની શોભાથી સ્થિર મન થાય. બેસે રામ ગાદિયે. ૨
જીરે ઘંટ મૃદંગ ઘડિઆળ બજે.
ઝાલર ઝમકની હોયે સાય. બેસે રામ ગાદિયે. ૩
જીરે શંખ, શરણાઈ શિંગ સોરથી,
ડંકો ઢોલ નિશાને ગવાય. બેસે રામ ગાદિયે. ૪
જીરે ભેરી દુંદુભિ બજે ભભકથીરે,
સુંદર વખાણ પ્રજામાં થાય. બેસે રામ ગાદિયે. ૫
જીરે ગાજા વાજાની શોભા રૂડીરે,
ત્રિકમ ખલક જોઈ હરખાય. બેસે રામ ગાદિયે. ૬

૨૪—મંડપ શોભા.

જીરે રાજા રાણી નાવણ કરે,
આવ્યાં મંડપ કેરી માંય. શોભા થઈ અતિ ઘણી. ૧
જીરે અંન્ન દાન ભિક્ષુકને અતિ,
આપે આણંદ મંગળ થાય. શોભા થઇ અતિ ઘણી. ૨
જીરે તેલ ફુલેલ અત્તર અંગે,
દેવ ઈંદ્ર ચોળે કરે સહાય. શોભા થઈ અતિ ઘણી. ૩

જીરે શેલા, સાલ, દુપટા જરીરે,
બાંધી પાઘ મસ્તક માંય. શોભા થઈ અતિ ઘણી. ૪
જીરે દક્ષણા દાન દિએ દિલથીરે,
જેથી જય મંગળ ગવાય. શોભા થઈ અતિ ઘણી. ૩
જીરે લક્ષ્મણ તેમાં લક્ષ દઇરે,
પુષ્પ નાખે સભાની માંય. શોભા થઇ અતિ ઘણી. ૭
જીરે મોભો જાળવે ત્રિકમ ભરતજીરે,
તે તો સલા આપે છે ત્યાંય. શોભા થઇ અતિ ઘણી. ૮

૨૫—ગરબી.

(મારૂં સોનાનું છે બેડું રે, છેલ છબીલા છોગાળા—એ રાગ)

દંપતિ આવ્યા દમમાંરે, વશિષ્ટ બોલે વેદ વાણી;
હિમનો રાજ દંડ હાથમાંરે, અલબેલાને આપ્યો આણી. ૧
ગાદિપર બેઠા ગોવિંદરે, સિતા બેસાડી આપ સંગે;
પૃથ્વિની કાઢી પીડરે, રાણી સંગાતે રમે રંગે. ૨
દિનબંધુને દયાળરે, સામા આવી વાત સુણે;
જગત મળ્યું છે જોવાનેરે, ખાલી નહી એકે ખુણે. ૩
સભા ભરાઈ છે સારીરે, હરખી સૌ બોલે હેતે;
પાન લેવા ઠઠ જામીરે, ખુશીથી લે તે નર જે તે. ૪
આનંદથી સૌ લોકોરે, સ્તુતિ કરે શ્રી રઘુવિરની;
અવાજ ન રહે રોકયોરે, કિર્તિવિલાશિ જુવો ધિરની. ૫

૨૬—પ્રજા સ્તુતિ.

ગરબી.

જય રઘુવિર નટવર સિતાપતિ શામરે. કરૂણાસિંધુ. (ટેક.)
રંગરશિયા મારા ધનુષ્યધારી રામરે. દિનબંધુ.
અસર હરણ સરણ તરણ તારણ નામરે. કરૂણાસિંધુ. ૧
દિનબંધુ દયાળ દામોદર નમુ મહારાજરે. દિનબંધુ.
સતચિત આનંદરૂપ સુધારો કાજરે. કરૂણાસિંધુ. ૨
અવ્યક્ત અનંતા સનાતન મુજ દેવરે, દિનબંધુ.
સત્ય જ્ઞાનમય દિવ્ય દેહની કરૂ શેવરે કરૂણાસિંધુ. ૩
તું અઘાત બુદ્ધિવાળો ધર્ણિધરરે. દિનબંધુ.
અલ્પમતિ મારી શું કરે તુજ કદરરે. કરૂણાસિંધુ. ૪
દૃઢ ધ્યાન ધારણા જોગ શું બને અમથીરે. દિનબંધુ.
તે કરવા અમો વિનવિયે મહારાજ તમથીરે. કરૂણાસિંધુ. ૫
મઘર વિદારણ ગજ છોડાવણ હારરે. દિનબંધુ.
રાખી લજા દ્રુપતિની આવ્યો આધારરે. કરૂણાસિંધુ. ૬
પ્રિય લાગે તેવી વાણી નથી અમ પાસરે. દિનબંધુ.
આ જગત સર્જેલું છે તે જુવે આપને આશરે. કરૂણાસિંધુ. ૭
મેહેર કરી માની લેજો અમારી ભક્તિરે. દિનબંધુ.
નાથ નમાવિ ત્રિકમ આપો અમને મુક્તિરે. કરૂણાસિંધુ ૮

૨૭—પદ.

આગેવાન વિનારે, અવનિમાં અંધારૂં;
સુજે નહિ જરાએરે, મમતથી છોડે મારૂં. આગે૦ (ટેક)
આકાશમાં સૂર્ય નવ દેખતાં, દિવસે થાય અંધકાર;
રજની હોયે અતિ રળિઆમણી, ચંદ્ર વિના લે શું પાર;
દિવા પાછળ અંધારૂ રે, સુખ એથી છે ન્યારૂં. આગે૦ ૧
પતિ વિનાની દિસે પ્રેમદા, પ્યારહિણુ દેખો પ્રમાણ,
ઇંધન વિનાનો શું કરે ઇસ્હુ, કામઠા વિનાનું રે બાણ;
મંદિર વિના દિવોરે, મન શાંત કેમ રહે મારૂં. આગે૦ ૨
વર વિનાની જાન ન શોભે, પુત્ર હિણુ હોયે મા;
લવણુ વિનાનું ભોજન ફીકું, બાજીવગર જુવોદા;
સમજી લે તું શાણુરે, મુકે ભ્રમણા થાય સારૂં. આગે૦ ૩
આડારે ચાલતાં સિધારે દિવસે, સિધું થશે સુભ કામ;
પ્રભુનો જો પ્રતાપજ હોય તો, અભણને મળે છે દામ;
મેઘ વિના ખેતિરે, ખેડુ શું લેશે ધાર્યું. આગે૦ ૪
આરે સંસારમાં મદદગાર જોઇએ, સ્વર્ગ માહે તે ગુરૂ આપ;
દેવ પ્રસન માટે સ્તુતિ કરો પ્રેમે, જપવા હરદમ જાપ;
ઇશ્વર ભકિત ત્રિકમરે, તનથી તપ કરો પુરૂં. આગે૦ ૫

૨૮ રામચંદ્રનો ડંકો.

(ઓ અંબેમાત ડુંગરમાં વશિયાંરે જાયગા જોઇને એ રાગ)

ઓ રામચંદ્ર, ગુણ તારા ગવાયે અમદાવાદમાં;
સદબુદ્ધિવાન, કેરા વચનો સમેરો છો તમે સાદમાં–(ટેક)

તે વિદ્યા રૂપિ પ્યાલો પીધો, તે જસ રૂપિ જળથી લીધો;
તે હિંમતથી ડંકો દિધો. ઓ રામચંદ્ર૦ ૧

સરકારે બુજ જાણી તારી, માજીસ્ત્રેટ બનાવ્યો છે ભારી;
સદબુદ્ધિ તારી આધારી. ઓ રામચંદ્ર૦ ૨

સત્યવાદી ગણ્યો તને સાચો, લાચ રૂસવતથી જોઈ ન્યારો;
તું આબરૂવાળાને બહુ પ્યારો. ઓ રામચંદ્ર૦ ૩

કિર્તિના કિર્ણો સુદ્ધ જામ્યા, તારા અરિ જનો સો ત્રાસ પામ્યા;
નેકિ વગરના તે નામ્યા. ઓ રામચંદ્ર૦ ૪

શેઠ શૌકારો સો તારે ખોળે, તન તાકાત નથી તારી તોલે;
બલીહારી જગમાં તારી બોલે. ઓ રામચંદ્ર૦ ૫

ચતુર ચોરને ચિંતા થઈ ચોપે, ક્રૂર જન કંપે તારા કોપે;
લુચ્ચા મરજાદ તારી નવ લોપે. ઓ રામચંદ્ર૦ ૬

ઠગ નગરમાં હતા ઠામઠામે, પરિબળ તુજ જોઈ ભય પામે;
ધંધે વળગ્યા છે તે નિજ ધામે. ઓ રામચંદ્ર૦ ૭

આબરૂ નિજ કુળની તે અજવાળી, ભલી કીર્તિ ભરતખંડે ભાળી;
જામનગરમાં જઇ આપી તાળી. ઓ રામચંદ્ર૦ ૮

પ્રેમ રૂપ મિત્ર બન્યા મારા, અચળ રહો કુટુંબીઓ તારા;
નવ થશો હવે ત્રિકમથી ન્યારા. ઓ રામચંદ્ર૦ ૯